
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૧મું
માર્ચ - ૨૦૧૮ • અંક : ૯
પાના નં.-૧ • (કુલ પેજ : ૪૦)

૧૫ માર્ચ, ૨૦૧૮ ❖ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૩-૨૦૧૮ ❖ કિંમત : રૂા. ૧૮/-

- ગુડી પડવો
- ચેટી ચાંદ
- સ્વામીનારાયણ જયંતિ
- રામનવમી
- મહાવીર જયંતિ
- ગુડ ફ્રાઈડે
- હનુમાન જયંતિ




તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600



**HOME DESIGN FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

---

Maheshbhai M. : 92272 11715
Parag Kataria M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

Manufacturers & Exporters of
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

---

**Girlie**

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

---



**SILICON®**
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

---

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

મુંબઈ ઓફિસ :

---

**iolite**

SCHOOL MANAGEMENT SOFTWARE

IOLITE SOFTWARES PRIVATE LIMITED
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00106
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

---

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@rediffmail.com, savlamukesh2002@gmail.com

---

FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

**Shivang Institute**
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,
Phone No. 9429609484 / 079-22772031



www.artnirman.com
A Project by:
ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


NUTS MASTI
MICHI'S®
Candies & Toffees
आईये,
खुशियाँ बाटें...
काजू बादाम भरी
₹ 2/-
PER PIECE
MICHI'S®
Badam
Nuts Masti
MICHI'S®
Kaju
Nuts Masti
सब' मस्त है!
JRJ
JRJ FOODS
PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
MichisTreats
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

વર્ષ-૩૧ ● અંક - ૯
૧૫ માર્ચ, ૨૦૧૮

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

**તંત્રી લેખ**
- નર્મદા નદીના વધારાના પાણીના કાર્યોના પ્રશ્ને ગુજરાત રાજ્યના ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં કચ્છને અન્યાય ................................ **અશોક મહેતા**....૭

**સાંપ્રત**
- પંજાબ નેશનલ બેંકનું કૌભાંડ ગરીબ, શ્રમજીવી, મધ્યમવર્ગી ખાતેદારોના હજારો કરોડનો ચુનો! – રામનામ સત્ય હૈ! ................ **પ્રવીણચંદ્ર શાહ**....૯

**કચ્છ**
- ખારેક તો કચ્છની કરોડરજ્જુ ................ **રાજેશ ખંડોલ**....૧૩

**દિનચર્યા**
- દિવસની તમારી પ્રથમ નિષ્ફળતા ત્યારે શરૂ થાય છે જ્યારે – તમે પાંચ મિનિટ વધુ ઊંઘવાનું નક્કી કરો છો! ................ **ભોલાભાઈ ગોલીબાર**....૧૪

**અર્થકારણ**
- ગુજરાત સરકારશ્રીના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટની મહત્ત્વની જાહેરાતો ................ ૧૫

**વાઇબ્રન્ટ હાસ્ય**
- લાફ્ટર થેરેપી - લાફ્ટર ઇસ ધી બેસ્ટ મેડિસિન – (૩) ................ **તુલસી કંસારા**....૧૭

**સ્વાસ્થ્ય**
- કિશોરાવસ્થા : આધુનિક ડિજિટલ યુગમાં ................ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૧૯
**ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

**સંશોધન**
- રણ સરોવરનો પ્રોજેક્ટ એ કંઈ નવું સંશોધન નથી................ **શશીકાંત ઠક્કર**.....૨૧

**ન્યુઝ ચેનલ**
- વિવિધ સમાચારો – સંક્ષિપ્તમાં ................ ૨૩

**વિવિધતા**
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : ગેમ : લવ લેટર ................ **ભાવના એ. ઝવેરી**....૨૫
- શબ્દ શોધ : ક્રમાંક - ૭૦ ................ ...**પ્રદીપ જોશી**....૨૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ................ .....૨૯
- પ્રતિભાવ ................ ....૩૦
- પુસ્તક પરિચય : "મન જંજીર, મન ઝાંઝર" ................ ...**હંસરાજ કંસારા**....૩૧

**મેઘ ધનુષ**
- તું જ છો વિધાતા................ ...**રજનીકાંત ઓઝા**....૩૨
- સ્વચ્છંદી સંતાનો................ ...**પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૩૨
- વિચારી લઈએ ................ ...**દિલીપ આચાર્ય 'દિલકશ'**....૩૨
- ઝાડ ................ ...**વિપુલભાઈ જોશી**....૩૨
- થડકાટ ................ ...**શંકર ન. ઠક્કર**....૩૨

## વિભાગ-૨

- પરિવાર સમાચાર ................ ૩૩
- સમાજ સમાચાર ................ ૩૪
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ................ ૩૫

તંત્રીલેખ

# નર્મદા નદીના વધારાના પાણીના કાર્યોના પ્રશ્ને ગુજરાત રાજ્યના ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં કચ્છને અન્યાય


અશોક મહેતા

*સોમવાર, તા. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ગુજરાત વિધાનસભા સમક્ષ જે પ્રવચન આપ્યું તેમાં તેઓએ સૌરાષ્ટ્રને ફાળવાયેલ નર્મદા નદીના ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણીના કાર્યોની 'સૌની' યોજનાનો વિગતવાર ઉલ્લેખ કરેલ હતો. તેમણે જણાવેલ કે સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની આ મહત્ત્વાકાંક્ષી યોજના ચાર લિન્ક પાઈપલાઈન અંતર્ગતની યોજનાનો પ્રથમ તબક્કો પૂરો થઈ ગયેલ છે અને તેના લાભો ખેડૂતોને મળવાના શરૂ થઈ ગયેલા છે. સૌની યોજનાના બીજા તબક્કાના રૂા. ૬,૪૭૩ કરોડના કામો પ્રગતિ હેઠળ છે. આ સિવાય તેમણે સ્વચ્છતા મિશન, ચેક ડૅમો, બંધારા, તળાવો ઊંડા કરાવવા, વિવિધ કલ્યાણ યોજનાઓ, યુનિટી ઑફ સ્ટેચ્યુ, ભાડભુત બેરેજ, પાણી પુરવઠા, કૃષિ વગેરે વિગતોનો ઉલ્લેખ કરેલ હતો. કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો વિશે આ પ્રવચનમાં કોઈ પણ તબક્કે ઉલ્લેખ કરવામાં આવેલ ન હતો.*

*નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ગુજરાત રાજ્યનું વર્ષ ૨૦૧૮-૧૯નું રૂા. ૧.૮૩ લાખ કરોડનું બજેટ રજૂ કરતા જણાવેલ કે આ બજેટમાં રૂા. ૧૪૮૯૫ કરોડની જોગવાઈ નર્મદા, વોટર રિસોર્સીસ, વોટર સપ્લાય અને કલ્પસર પ્રોજેક્ટ માટે ફાળવવામાં આવેલ છે. આ વિગતોના વિભાગીય આંકડાઓ આપતા તેમણે જણાવેલ કે સૌરાષ્ટ્રના વધારાના પાણીની સૌની યોજના માટે રૂા. ૧૭૬૫ કરોડ, ઉત્તર ગુજરાતની સુજલામ્ સુફલામ્ યોજના માટે રૂા. ૨૨૨ કરોડ અને કચ્છના વધારાના પાણીની યોજના માટે રૂા. ૧૫.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. આ વિગતો જાણીને કચ્છની પ્રજાનો પ્રત્યાઘાત આંચકારૂપ હોય એ સ્વાભાવિક છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની પ્રગતિ માટે ફાળવાયેલ નાણાં માટે દરેક કચ્છીને આનંદ થાય પરંતુ સાથે સાથે કચ્છ માટે દુર્લક્ષ સેવાય તેનો દરેક કચ્છીને રંજ ઉત્પન્ન થાય.*

*ઉત્તર ગુજરાતને તથા સૌરાષ્ટ્રને નર્મદા નદીના ફાળવવામાં આવેલ નિયમિત પાણીના કાર્યો લગભગ પૂર્ણ કરી દેવામાં આવેલ છે જ્યારે કચ્છને ફાળવાયેલ ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીના કાર્યો હજુ પ્રગતિમાં છે અને ખેતરે ખેતરે પાણી પહોંચતા હજુ ઓછામાં ઓછા બીજા બે વર્ષ નીકળી જવા સંભવ છે.*

*એ જ રીતે ઉત્તર ગુજરાતને ફાળવવામાં આવેલ વધારાના પાણીના કાર્યો સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત આજથી લગભગ ૫ વર્ષ અગાઉ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. સૌરાષ્ટ્રને ફાળવવામાં આવેલ વધારાના પાણીનાં કાર્યો સૌની યોજના અંતર્ગત રૂા. ૬૭૦૦ કરોડ જેટલાના કાર્યો અત્યાર સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવેલ છે અને ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં અન્ય રૂા. ૧૭૬૫ કરોડ ફાળવવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૭માં આ યોજનાનું મૂળ બજેટ રૂા. ૧૦,૦૦૦ કરોડનું આકારવામાં આવેલ હતું. વર્ષ ૨૦૧૨માં વધીને તે રૂા. ૧૭,૦૦૦ કરોડનું થયેલ અને આ કાર્યો પૂર્ણ થતાં તે રૂા. ૨૦,૦૦૦ કરોડને આંબી જાય તેવી પૂરેપૂરી શક્યતા રહેલ છે. કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણીના કાર્યોનું મૂળ બજેટ રૂા. ૪૨૦૦ કરોડનું હતું કે જેના અમલીકરણના સમયે તેના ખર્ચમાં સારો એવો વધારો થવાનો છે પરંતુ કચ્છની આ યોજના માટે વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં સરકારશ્રી દ્વારા માત્ર રૂા. ૭૨ કરોડની ફાળવણી કરવામાં આવેલ અને ચાલુ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૮-૧૯માં તેનાથી પણ ઓછા એટલે કે માત્ર રૂા. ૧૫.૫૦ કરોડની જ ફાળવણી કરવામાં આવેલ હતી.*

*આ રીતે નર્મદા નદીના વધારાના ૩ એમ.એ.એફ. પાણીના કાર્યો પૈકી ઉત્તર ગુજરાતને ફાળવાયેલ ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો અંદાજિત રૂા. ૫૦૦૦ કરોડના ખર્ચે લગભગ પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે. સૌરાષ્ટ્રને ફાળવાયેલ ૧.૦૦ એમ.એ.એફ. પાણીના લગભગ રૂા. ૨૦,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચની સામે રૂા. ૬૭૦૦ કરોડના કાર્યો પૂરા કરી દેવામાં આવેલ છે અને ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં રૂા. ૧૭૬૫ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. જ્યારે કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના અંદાજિત મૂળ બજેટના રૂા. ૪૨૦૦ કરોડની સામે નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં માત્ર રૂા. ૭૨ કરોડ અને વર્ષ ૨૦૧૮-૧૯માં માત્ર રૂા. ૧૫.૫૦ કરોડ ફાળવવામાં આવેલ છે. કચ્છની જનતાને થતો ઉઘાડેછોગ અન્યાય જોઈને*

કોઈનું પણ દિલ દ્રવી ઉઠે એ સ્વાભાવિક છે.

નર્મદા બંધની ઊંચાઈ વધુમાં વધુ રાખવા માટે ૧૯૬૯માં રચાયેલ જળપંચ સમક્ષ ગુજરાત સરકારશ્રીની માંગ એ હતી કે કચ્છ જેવા દુર્ગમ અને અનાવૃષ્ટિવાળા વિસ્તારમાં પાણી પહોંચાડવાની ખૂબ જ જરૂરિયાત હોતાં આ ડેમની ઊંચાઈ વધુમાં વધુ રાખવામાં આવે કે જેના કારણે આ ડેમની ઊંચાઈ ૧૧૦ મીટરના બદલે ૧૩૮.૩૮ મીટર નિયત કરવામાં આવેલ હતી. સ્વાભાવિકપણે વાત કરીએ તો પણ ગુજરાતમાં સૌથી અછતગ્રસ્ત જિલ્લો કચ્છને ગણવામાં આવે છે. ત્યારબાદ સૌરાષ્ટ્ર અને ત્રીજા ક્રમે ઉત્તર ગુજરાતની ગણના કરવામાં આવે છે. આથી ન્યાયીક પ્રક્રિયા સ્વરૂપે નર્મદા નદીના નિયમિત પાણીના કાર્યો અને વધારાના પાણીના કાર્યો સૌ પ્રથમ કચ્છ જિલ્લાના થવા જોઈએ. ત્યારબાદ સૌરાષ્ટ્રના અને ત્યારબાદ ઉત્તર ગુજરાતના કાર્યો આદરાય તો સરકારશ્રી દ્વારા વિવિધ જિલ્લાની પ્રજા તરફનો વ્યવહાર ન્યાયપૂર્ણ ગણી શકાય. પરંતુ સમગ્ર ગુજરાતની પ્રજા નિહાળી રહેલ છે કે અંદાજિત ૩૫ ધારાસભ્યોની તાકાતવાળો પ્રદેશ ઉત્તર ગુજરાત અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી પણ ઉત્તર ગુજરાતના હોવાથી ઉત્તર ગુજરાતના નિયમિત પાણી ઉપરાંત વધારાના પાણીના કાર્યો સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત પરિપૂર્ણ કરી દેવામાં આવ્યા. ત્યારબાદ ૪૮ ધારાસભ્યોની તાકાતવાળા સૌરાષ્ટ્ર પ્રદેશના નિયમિત પાણીના કાર્યો પૂર્ણ કરી દેવામાં આવ્યા અને વધારાના પાણીના કાર્યોએ પૂરેપૂરો વેગ પકડી 'સૌની' યોજના અંતર્ગત રૂા. ૬૭૦૦ કરોડના કાર્યો પૂરા કરવામાં આવ્યા અને રૂા. ૧૭૬૫ કરોડની ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન ફાળવણી કરવામાં આવેલ છે. જ્યારે માત્ર ૬ ધારાસભ્યોની લાયકાતવાળા કચ્છ જિલ્લા માટે હજુ ન તો નિયમિત પાણીના કાર્યો પૂર્ણ કરવામાં આવેલ છે કે ન તો વધારાના પાણીના કાર્યોના શ્રીગણેશ કરવામાં આવેલ છે. ગત વર્ષ દરમ્યાન ફાળવવામાં આવેલ રૂા. ૭૨ કરોડ અને ચાલુ વર્ષે ફાળવાયેલ રૂા. ૧૫.૫૦ કરોડ એ રૂા. ૪૨૦૦ કરોડના મૂળ અંદાજિત ખર્ચની સામે મશ્કરી સમાન દેખાય છે.

જ્યારે બાબુભાઈ બોખીરિયા સિંચાઈ મંત્રી હતા ત્યારે આ લખનારે અંદાજિત બે વર્ષ અગાઉ કચ્છના વધારાના પાણીના કાર્યો શરૂ કરાવવા માટે ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લીધેલ હતી ત્યારે તેમણે સ્પષ્ટપણે જણાવેલ કે જ્યાં લગી સૌરાષ્ટ્રના વધારાના પાણીના કાર્યો પરિપૂર્ણ નહીં કરી દેવામાં આવે ત્યાં લગી અમે કચ્છના કાર્યો હાથ પર લેવાના નથી. હાલે સિંચાઈ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી પરબતભાઈ પટેલને ચાલુ વર્ષના બજેટ અગાઉ પત્ર લખવામાં આવેલ કે ચાલુ નાણાંકીય વર્ષના બજેટમાં કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો માટે ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવે. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૮ના ગુજરાત વિધાનસભામાં બજેટ રજૂ થયા બાદ તેમનો પ્રત્યુત્તર આવેલ કે આપશ્રીના પત્રની યોગ્ય કાર્યવાહી કરવા તેમણે આ પત્ર નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ પર મોકલી આપેલ છે. ઉપરોક્ત બંને દૃષ્ટાંત પરથી ગુજરાત સરકારશ્રીનું આ પ્રશ્ને કચ્છ પ્રત્યે કેવો અભિગમ છે તે સ્પષ્ટપણે દેખાઈ આવે છે. અગાઉ કચ્છના ધારાસભ્યશ્રીઓ એકત્ર થઈને પ્રતિનિધિ સ્વરૂપે તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને ત્યારબાદના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ પણ આ પ્રશ્નની રજૂઆત કરી આવેલ છે. પરંતુ આજ દિવસ સુધી તેના પરિણામ ન આવી શકવાનું એકમાત્ર કારણ કચ્છના ધારાસભ્યશ્રીઓની લઘુમતી સિવાય અન્ય કાંઈ દેખાતું નથી. મતલબ સ્પષ્ટ છે કે ગુજરાત સરકાર આ પ્રશ્ને નીતિ અને જરૂરિયાતના ધોરણો બાજુ પર રાખી બહુમતીના આધારે કામ કરી રહેલ છે કે જેને માત્ર અને માત્ર અન્યાયપૂર્ણ વ્યવહાર જ ગણી શકાય.

ગુજરાત વિધાનસભામાં કચ્છના ધારાસભ્યોની લઘુમતી હોવાથી એ રાહે કચ્છની જનતાને આ પ્રશ્ને ન્યાય મળવાની શક્યતા નહિંવત્ હોવાથી કચ્છની પ્રજાએ જ આ પ્રશ્ને પોતાનું હીર દાખવવું રહ્યું! કચ્છને કરવામાં આવી રહેલ અન્યાયનો પડઘો ચારે દિશાએથી ગાજી ઉઠે તો જ આ સરકાર કચ્છ પ્રત્યે જાગૃત થઈ શકશે. કચ્છની જનતાએ જ પોતાના કદમ આગળ ભરવા રહ્યા!

અને છેલ્લે સૌથી અગત્યની વાત એ છે કે કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના નિયમિત પાણી કચ્છના ખેતરોમાં વહેતા થાય તો તેના થકી ૨,૮૫,૦૦૦ એકરમાં અને વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છના ખેતરોમાં પહોંચતા થાય તો તેના થકી ૧૦,૦૦,૦૦૦ એકરમાં સિંચાઈ થઈ શકે. અત્યારના પ્રવર્તમાન આવક જાવકના હિસાબ મુજબ ખેતીના એક પાકથી કિસાનનો પ્રતિ એકરે સરેરાશ નફો રૂા. ૧૫,૦૦૦/-ની ગણનાએ ૧૨,૮૫,૦૦૦ એકર ખેતીના કારણે કચ્છના કિસાનને દર વર્ષે સરેરાશ રૂા. ૨૦૦૦ કરોડનો નેટ નફો થાય કે જે માત્ર કચ્છના ગામડાંના ખેડૂતોને સમૃદ્ધ બનાવે.

દરેકે આ પ્રશ્ને સક્રિય થવા માટે ઉપરોક્ત વિગતો પૂરતી બની રહેશે.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

સાંપ્રત

## પંજાબ નેશનલ બેંકનું કૌભાંડ

# ગરીબ, શ્રમજીવી, મધ્યમવર્ગી ખાતેદારોના હજારો કરોડનો ચુનો! – રામનામ સત્ય હૈ!



પ્રવીણચંદ્ર શાહ

પ સરકારી માલિકીની પંજાબ નેશનલ બેંકે ૧૪ ફેબ્રુઆરી '૧૮ના સત્તાવાર રીતે જાહેર કર્યું કે તેને જાણ થઈ છે કે તેની સાથે લગભગ રૂા. ૧૧,૪૦૦ કરોડ(ડોલર ૧ પોઈન્ટ ૭૭ બિલિયન)ની ઠગાઈનું કૌભાંડ થયું છે. આ કૌભાંડ તેની મુંબઈ ખાતેની અનેકવિધ શાખા (બ્રાંચ)માંની એક, બ્રાડી હાઉસ બ્રાંચમાં ઠગાઈ ભરેલા વ્યવહારોથી કરાઈ છે. આના માટેની રીતસરની ફરિયાદ મુંબઈ પોલીસની સી.આઈ.ડી. (ક્રાઈમ ઇન્વેસ્ટીગેશન ડિપાર્ટમેન્ટ)ને કરવામાં આવી છે. સેબી (સ્ટોક એક્ષચેન્જ ઓફ ઇન્ડિયા)ને પણ વિધિસર રીતે જાણ કરાઈ છે. આટલી બધી જંગી રકમનું કૌભાંડ કોણે કર્યું છે, કઈ રીતે કર્યું છે, તેમાં કોણ કોણ સંડોવાયેલા છે, તેની આંતરિક તપાસ ખુદ બેંકનું વહીવટીતંત્ર પણ કરી રહ્યું છે. બેંકને એવા પણ સગડ મળ્યા છે કે બેંકની ગ્રાહક / ખાતેદાર કંપનીઓ, જેના માલીક કરોડાધિપતિ નીરવ મોદી છે, જે હીરા-મોતી-ઝવેરાતના વેપારી છે, તેણે બેંકને અમુક સ્ટાફની સાથે કૌભાંડની ઘાલમેલ કરી છે. સ્ટાફ મેમ્બર્સ સાથેની સાંગા-મલબારીમાં બેંકના કરોડો રૂપિયા હજમ કરાયા છે જેમાં બેંકની સાચી-ખોટી ગેરંટીઓના ગુનાહિત ઉપયોગ કરાયા જણાય છે.

બેંકો-બેંકો વચ્ચે લાખ્ખો, કરોડો કે અબજોની રકમોની લેણદેણ કઈ સિસ્ટમથી થતી હોય છે, તેની સરેરાશ લોકોને ઝીણવટપૂર્વક જાણકારી ન હોય તે સ્વાભાવિક છે. પંજાબ નેશનલ બેંક તરફથી મુંબઈ - સીઆઈડીને રજૂ કરાયેલી વિગતવાર ફરિયાદના આધારે અને બેંક વ્યવસાય સાથે ત્રણ-ત્રણ, ચાર ચાર દાયકાઓના ઊંડા અનુભવી ઓફિસરો પાસેથી મેળવાયેલી આધારભુત માહિતીની આ કૌભાંડ સાથે સંબંધિત વિગતો અહીં નીચે સરળતાથી સમજાય તે રીતે આપવાનો પ્રયાસ છે.

### ● આ કૌભાંડ શું છે?

નીરવ મોદી એમની જુદી જુદી ચારેક કંપનીઓ, અને એમની અમુક કંપનીના ભાગીદાર મેહુલ ચોક્સી (જે એમના મામા પણ થાય છે)ની માલિકીની ગીતાંજલી ગ્રુપના નામથી ઓળખાતી કંપનીઓ, પંજાબ નેશનલ બેંકની બ્રાડી હાઉસ બ્રાંચ સાથે એકાઉન્ટો ધરાવે છે. આ કંપનીઓ ફોરેનથી કાચા હીરા (રો ડાયમંડ) મંગાવે છે અને તેને પાસાદાર બનાવીને (કટીંગ - શેપિંગ કરીને) એક્સપોર્ટ પણ કરે છે. મેહુલ ચોક્સી વીસેક વર્ષોથી એમના આ વ્યવસાયમાં છે. નીરવ મોદી ૨૦૧૦થી આ વ્યવસાયમાં છે અને ૨૦૧૧થી પંજાબ નેશનલ બેંકમાં ખાતાં ધરાવે છે.

એક્ષપોર્ટ ઇમ્પોર્ટનો વ્યવસાય કરનારી કંપનીઓ જ્યારે વિદેશમાંથી માલ ખરીદતી હોય યા માલ વેચતી હોય ત્યારે એમને નાણાંકીય મદદની / ટેકાની અનિવાર્ય રીતે જરૂર પડતી જ હોય છે. બેંકો એમના રિલાયેબલ ખાતેદારોને બે પ્રકારે ટેકા આપે છે. એક પ્રકાર લેટર ઓફ ક્રેડિટ (ટૂંકાક્ષરે LC)નો છે. ખાતેદાર પાસેથી સપ્રમાણ જામીનગીરીઓ લઈને તે પછી બેંકો તેમને LCની સગવડ આપે છે.

એક બીજો પ્રચલિત પ્રકાર 'બાયર્સ ક્રેડિટ'ના નામથી બોલાય છે. દૃષ્ટાંત તરીકે આપણા દેશના હીરાના વેપારી વિદેશમાંથી કાચા હીરાની આયાત કરવા માંગતા હોય ત્યારે જે કંપની પાસેથી હીરા ખરીદતા હોય (જેની રકમ લાખ્ખો કે કરોડોમાં હોઈ શકે છે) તેમને, એટલે કે આયાત કરનાર ખરીદનારને બેંક તરફથી જે સગવડ અપાતી હોય તેને બાયર્સ ક્રેડિટ (BUYER'S CREDIT) કહેવાય છે. આયાત કરનારાઓ મોટે ભાગે બાયર્સ ક્રેડિટ, બેંક પાસેથી તેમને મળે જ તેવો આગ્રહ રાખતા હોય છે. તેના વિવિધ કારણો છે; પણ વધુ મહત્ત્વના બે કારણો હોય છે. દૃષ્ટાંત તરીકે, ઇન્ડિયાનો આયાતકાર (ઇમ્પોર્ટર) જો ઇન્ડિયાની બેંક પાસેથી જરૂરી રકમ ઉધાર લે તો એ રકમનું વ્યાજ, ઇન્ડિયાની બેંક જે વ્યાજ ચાર્જ કરતી હોય તે વ્યાજ તેણે આપવું પડે. પણ જો ફોરેનની બેંક પાસેથી તેને જોઈતી રકમ મળે તો ત્યાંનું વ્યાજ, ઇન્ડિયામાં લેવાતા વ્યાજ કરતાં (લગભગ) અડધું જ હોય છે; એટલે તેની વ્યાજખાધ અડધા જેવી બચી જાય છે. બીજું, ફોરેનની બેંક પાસેથી મળેલી ફોરેનની કરન્સીની સામે ઇન્ડિયન

રૂપિયાના ભાવમાં વધઘટ થતી જ રહે છે. એટલે ફોરેન કરન્સીનો લાભ ઇન્ડિયન રૂપિયાની કરન્સીની વધ-ઘટનો ફાયદો લઇને પણ વેચસાટ કરાય છે.

ઉપર નોંધ્યું તે પ્રમાણે આયાતકારોને જેમ LC (લેટર ઓફ ક્રેડિટ) અપાય છે તેમ, એક બીજી મહત્ત્વની બેન્કિંગ પદ્ધતિ વિકસેલી છે; જે પદ્ધતિ પ્રમાણે આયાતકારને તેની બેંક દ્વારા 'લેટર ઓફ અન્ડરટેકિંગ' – ટૂંકાક્ષરે LOU (એલઓયુ) અપાય છે. (આ LOUની સાદી સરખામણી આપણી દેશી પદ્ધતિવાળી હૂંડી સાથે થઈ શકે.) 'લેટર ઓફ અન્ડરટેકિંગ'નો સીધો અને સાદો અર્થ એ થાય છે કે LOU સામે ફોરેનની બેંકે આયાતકારને આપેલાં નાણાં પરત કરવાની ગેરંટી - જવાબદારી LOU ઇસ્યુ કરનાર બેંકની જ રહે છે.

આ LOU ઇસ્યુ કરવા માટેની એક સિસ્ટમ બેંકોમાં સ્થાયી રીતે પ્રચલિત છે. આ સિસ્ટમ SWIFT (સ્વીફ્ટ) નામે જાણીતી છે. SWIFT એ ટૂંકાક્ષરી શબ્દ છે, જેનું આખું વાક્ય છે : Society for Worldwide Interbank Financial Telecommunication.

દુનિયાની બેંકો વચ્ચેના નાણાંકીય વહેવારને અત્યંત ઝડપી બનાવવા માટેની આ ગોઠવણ ફોરેનના વ્યાપાર સાથે સંકળાયેલા એક્ષપોર્ટ - ઇમ્પોર્ટ કરનારા ખાતેદારો સાથે વ્યવહાર કરનારી બેંકો, આ SWIFT સિસ્ટમથી વિદેશી બેંકો સાથે સંદેશા વ્યવહાર કરે છે. દૃષ્ટાંત તરીકે નીરવ મોદીને PNB LOU અમુક રકમનો આપે છે, તે લેટર ઓફ અન્ડરટેકિંગ નીરવ મોદી – આ ફોરેનની તેની ઓફિસ – જે કોઈ બેંકને રજૂ કરે એટલે તે જ મિનિટ કે સેકન્ડે, વિદેશી બેંક કોમ્પ્યુટર સોફ્ટવેરથી PNB ને પૂછે છે કે નીરવ મોદીની કંપનીની ફેવરમાં તમે આ LOU ઇસ્યુ કર્યો છે? PNB ના LOU ડિપાર્ટમેન્ટની જવાબદારી સંભાળનાર (મિસ્ટર ગોકુલનાથ શેટ્ટી) જવાબ વાળીને કન્ફર્મ કરે છે કે હા, એ LOU અમે ઇસ્યુ કરેલો છે, પણ તે સાથે સાથે (ગોકુલનાથ શેટ્ટીએ) અગાઉથી નક્કી થયેલો સિક્રેટ (ખાનગી) CODE WORD પણ વિદેશી બેંકને કહેવો પડે છે. આમ થાય એટલે વિદેશી બેંક (૧) નીરવ મોદીએ જે કંપની પાસેથી માલ લીધો હોય તે કંપનીને પેમેન્ટ કરે છે; યા તો (૨) PNB નું ખાતું હોય તો તેમાં એ રકમ જમા કરે છે; યા તો (૩) નીરવ મોદીની કંપનીના ખાતામાં એ રકમ જમા કરે છે.

સાથે PNB માં એક વધુ વિધિ ફરજિયાત કરવાની રહે છે; LOU માટેના રજિસ્ટરમાં આ વ્યવહારની નોંધ કરવી જ પડે છે, જે સાધારણ રીતે શેટ્ટીના ક્લાર્કો કરે છે.

PNB ની નોર્મલ સિસ્ટમ આ પ્રમાણેની વિકસેલી અને પ્રચલિત થઈ અમલી બને છે. LOU માટેની માંગણી જ્યારે કોઈ પણ ખાતેદાર – ઇમ્પોર્ટર કે એક્ષપોર્ટર કરે ત્યારે જો PNB આ સગવડ ખાતેદારને આપવા સંમત થાય ત્યારે બેંકની સહીસલામતી માટે બેંક અરજી કરનાર ખાતેદાર વ્યાપારી પાસેથી 'કોલેટરલ સીક્યોરીટી' માંગે છે. આ કોલેટરલ સીક્યોરીટી રોકડ રકમથી, યા રહેણાંકના મકાનથી, યા ઓફિસથી, યા જમીન - પ્લોટ, બંગલો, વ્હીકલ વગેરે મોર્ગેજ કરીને બેંકને ખાતેદાર પૂરા પાડે, ત્યાર પછી જ બેંક 'લેટર ઓફ અન્ડરટેકિંગ' (LOU) અરજદાર પાર્ટીને આપે છે, જેની વેલીડીટી સાધારણ રીતે ૯૦ દિવસની હોય છે; પણ આયાત કરાનારું મટીરિયલ, જો મશીનરી, મેન્યુફેક્ચરિંગ મોંઘો પ્લાન્ટ, જેને કેપીટલ ગુડ્સ કહેવાય છે તે ફોરેનથી ખરીદાઈ આયાત કરાવાનો હોય, તો તેવા ખાસ કિસ્સાઓમાં પણ LOU ની વેલીડીટીની મુદત બે, ત્રણ કે પાંચ વર્ષ સુધીની પણ અપાતી હોય છે.

## ● આ કૌભાંડમાં શું બન્યું છે?

નીરવ મોદી અને મેહુલ ચોક્સીની સ્વતંત્ર, એકલાની કે પરસ્પરની ભાગીદારીવાળી વિવિધ કંપનીઓના ખાતા પીએનબીમાં, બેંક ઓફ બરોડામાં, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા કે તેની સબસીડિયરી બેંકોમાં છે. મેહુલ ચોક્સી લગભગ પંદર-વીસ વર્ષોથી 'ગીતાંજલી', 'ગીલી' વગેરે બ્રાન્ડ નામોવાળા હીરાજડિત આભૂષણો બનાવે છે અને દેશમાં વેચે છે અને એક્ષપોર્ટ પણ કરે છે. નીરવ મોદીનો જન્મ ભારતમાં થયેલો, પણ તેનો લાંબો ઉછેર એન્ટવર્પ (બેલ્જિયમ)માં થયેલો. તેણે ઉચ્ચ અભ્યાસ આરંભેલો પણ ખાસ રાસ ન આવ્યો એટલે છોડી દીધા પછી તેના વડીલો, જે એન્ટવર્પમાં સ્થાયી થયેલા તેમણે ધંધા-વેપારનો 'અનુભવ' લેવા માટે નીરવના મામા, મેહુલ ચોક્સી પાસે મુંબઈ મોકલ્યો. મામા સાથે લાંબો સમય 'અનુભવ' લીધા પછી નીરવે પોતાનો સ્વતંત્ર ધંધો, હીરા - રત્ન - માણેક જડેલાં આકર્ષક, કિંમતી આભૂષણોનું ડિઝાઇનિંગ કરવાનું અને પછી જાણકાર અનુભવી કારીગરો પાસેથી બનાવડાવી, પોતાના નામે – નીરવ મોદી – ના નામે વેચવાનું શરૂ કર્યું. ૨૦૧૦થી પોતાનું કામ જોરશોરથી શરૂ કરવા દરમ્યાન એક ફોરેન પ્રતિષ્ઠિત મેગેઝીનમાં તેણે ડિઝાઇન કરેલા આભૂષણના ફોટા અને વિગતો પ્રસિધ્ધ થતાં તેની નામના દેશ વિદેશમાં ફેલાતી થઈ. એક વિદેશી ઑક્શન (લીલામથી મોંઘાદાટ દરદાગીના, આર્ટનાં ચિત્રો, કલા કારીગરીવાળી આઇટમો વેચનારી) કંપનીએ નીરવ મોદીનું ડિઝાઈન કરેલું સુવર્ણ - હીરાજડિત અલંકાર બહુ ભારે કિંમતથી - કરોડોમાં – વેચ્યા પછી તો યુરોપ - અમેરિકા, હોંગકોંગ, સીંગાપોર, અરબ દેશોમાં નીરવ મોદીની પ્રતિષ્ઠા અને કુશળતાના બહુ ઊંચા ઝંડા લહેરાવા લાગ્યા.

૨૦૧૧થી નીરવ મોદીનો પંજાબ નેશનલ બેંક સાથે પરસ્પર વ્યવહાર -

નાણાંકીય વ્યવહાર આરંભાયો. તેની મોટી નામના અને તેની નમ્ર ભાષા, વિવેકી વર્તાવ, સમજાવટની આવડત, રીતભાત, રહેણી કરણી અને સૌથી વધુ તો તેની મહત્ત્વાકાંક્ષા અને હીરા-માણેક - રત્નોના આયાત-નિકાસની આંટીઘૂંટીઓના નિખાલસ વર્ણનોના પ્રભાવથી પીએનબી ના ઉચ્ચ અધિકારીઓ અંજાયા અને બેંક દ્વારા આર્થિક સપોર્ટ આપવાનું ચાલુ થયું.

શરૂઆતમાં બે-ત્રણ વર્ષો દરમ્યાન નીરવ મોદીએ પીએનબી સાથેના લેવડ દેવડના વ્યવહાર લગભગ નિયમિત રીતે સાચવ્યા. બેંકને પણ તેની સાથેના વ્યવહારમાં કોઈ અગવડ કે ઉચાટ થયો નહોતો.

તે પછી નીરવ મોદીની નાણાંકીય જરૂરિયાતો કૂદકે-ભૂસકે વધવા લાગેલી. ધંધો પણ ઘણી ઝડપથી વિકસતો ગયો. ઇન્ડિયામાં, યુરોપમાં, અમેરિકામાં, આરબ દેશો, હોંગકોંગ, સીંગાપોર – વગેરે અનેક મોટા નગરોમાં એણે યા તો પોતાના સંચાલિત અથવા તો ફ્રેન્ચાઇઝના ધોરણે શો-રૂમો ખોલાતા થયા. દરમ્યાનમાં PNB ના લોન ડિપાર્ટમેન્ટના ઓફિસરો સાથેના પરિચય, પહેચાન, આવન-જાવન, મેલઝુલ વધતા ગયા. આ દરમ્યાન તેને એ પણ બરાબર સમજાતું ગયું કે LOU શું છે? SWIFT શું છે? CODE WORD શું છે? એણે કોઈ કોલેટરલ કે નામની કોલેટરલ સીક્યોરીટી ઑફર કરી, મોટી લોનો આપવા PNB ના લાગતા વળગતા ઓફિસરો અને સ્ટાફને સંમત કરી લીધા.

PNB ની બ્રાડી હાઉસ બ્રાંચના લોન ડિપાર્ટમેન્ટના સિનિયર અધિકારી ગોકુલનાથ શેટ્ટી (ડેપ્યુટી મેનેજર) અને તેના હાથ નીચેના સીંગલ વિન્ડો ઑપરેટર મનોજ ખરાત સાથેના સંપર્ક અને સંબંધો પારાવાર નીકટતાથી કે LOU મોકલાય SWIFT થી કન્ફર્મેશન થાય તેની સાથે ઉમેરવાના રહેતા ખાનગીમાં ખાનગી કોડવર્ડ (CODE WORD) શું છે, તે પણ નીરવ મોદીને હોઠે જ હતા. વર્ષો દરમ્યાન વધુ ને વધુ LOU લેવાતા ગયા. ડેપ્યુટી મેનેજર શેટ્ટી કે તેના આસિસ્ટન્ટ મનોજ ખરાત મોદીની માંગ ઉપર માંગ માટેના LOU ઇસ્યુ કરતા જ ગયા. પછી એક એવો તબક્કો પણ આવ્યો અને લંબાતો જ ગયો કે જેમાં મોદીને ઇસ્યુ કરાયેલા ૧૫૦-૨૦૦ LOU (લેટર ઓફ અન્ડરટેકિંગ)ની વિદેશી કે દેશી બેંકો સાથે કરોડોની લેવડ થતી ગઈ પણ – PNB ના LOU રજિસ્ટરમાં તેનું નામોનિશાન પણ નોંધાયું નહીં! અથવા જો નોંધાયું તો ૩ કરોડનો લેટર અપાયો હોય પણ બેંકના LOU રજિસ્ટરમાં માત્ર ૩૦ લાખ જ બતાવાયા હોય!

ડેપ્યુટી મેનેજર ગોકુલનાથ શેટ્ટી, ૨૦૧૭ના અંતભાગે રીટાયર થયા. એટલે તેમની અને મનોજ ખરાતની પોસ્ટ પર બીજો સ્ટાફ નિમાયો. નીરવ મોદીના વતીથી તેમની કંપનીના ફાઈનાન્સ મેનેજર વિપુલ અંબાણી તેમના આસિસ્ટન્ટ સાથે PNBમાં નવા LOU માંગવા ગયા. નવા સ્ટાફે બેંકના રાબેતા મુજબ ૧૦૦% સો ટકાની સીક્યોરીટી રાહે કેશમાં, કે પ્રોપર્ટીમાં કે મિલ્કતોમાં માંગી. નીરવ મોદીના સ્ટાફે કહ્યું કે, 'અરે સાહેબો! સાત સાત વર્ષથી અમે LOU મેળવીએ છીએ. અમારે ક્યારેય સીક્યોરીટી આપવી નથી પડી!'

જાણે ભૂકંપ થયો! નવા સ્ટાફે જ્યારે જાણ્યું કે સાત-સાત વર્ષો દરમ્યાન બેંકે આપેલી ગેરંટીઓ સામે કોઈ જ સીક્યોરીટી લેવાઈ જ નથી અને નીરવ મોદીની કંપનીઓના ખાતામાં તો ૧૧,૪૦૦ કરોડ રૂપિયા લેણા બાકી છે, તો અર્ધમૂર્છિત દશામાં નવા સ્ટાફે, મેનેજર, ચીફ મેનેજરની કેબિનોમાં ધસી જઈને આ મોટી મોકાણની વિગતો આપી. આખીયે બ્રાડી હાઉસ બ્રાંચ ઉપર કાતિલ વીજળી પડી! પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું કે નીરવ મોદી અને મેહુલ ચોક્સીની કંપનીઓએ પંજાબ નેશનલ બેંકને ૧૧,૦૦૦થી ૧૭,૦૦૦ કરોડના પાલનપુરી પાણીથી નવડાવી નાંખી છે!

LOU દ્વારા અપાયેલી ગેરંટીઓના પ્રકાર બે છે : (૧) જેન્યુઇન (ખરી, જે બેંકના રજિસ્ટર પર નોંધાયેલી છે); અને (૨) જાલી - બનાવટી (જે બેંકના રજિસ્ટર પર નોંધાયેલી જ નથી). પણ તે બધી ગેરંટીઓ સામે જુદી જુદી બેંકોએ ચૂકવણા નીરવ મોદી કે મેહુલ ચોક્સીની કંપનીઓને પૂરેપૂરા કરી દીધેલા છે. PNB હવે ઘાસની ગંજીમાંથી સોય - ટાંચણી શોધી રહી છે. ૨૦૧૧થી ૨૦૧૭ના આખા ૬ વર્ષોમાં મોદી / ચોક્સીને માત્ર ૧૫૦ ગેરંટીઓ અપાયેલી. પણ રીટાયર થવાની અણિએ ડેપ્યુટી મેનેજર ગોકુલનાથ શેટ્ટીએ માર્ચ ૧, ૨૦૧૭ પછીના માત્ર ૬૩ દિવસોમાં અધધ, ૧૪૩ ગેરંટીઓ છુટે હાથે આપી દીધેલી.

હવે યક્ષ પ્રશ્ન એ પેદા થયો છે કે ગેરંટીઓ – Laws – જેન્યુઇન હતા કે જાલી હતા તે પંજાબ નેશનલ બેંકનો આંતરિક મુદ્દો છે જેના સાથે PNB ની ગેરંટીથી કરોડોની ચૂકવણી કરનારી દેશી કે વિદેશી બેંકોને કોઈ સી–ધો સંબંધ કે લેવા-દેવા નથી.

વિવિધ બેંકોએ રૂા. ૧૧,૪૦૦ કરોડ PNB ની હૂંડી યા ડિમાન્ડ ડ્રાફ્ટના જેવી LOU અન્વયે આપ્યા છે, જે પાછા પરત પેમેન્ટ કરવાની મુદતો પાકવા આવી છે.

આ ૧૧,૪૦૦ (અગિયાર હજાર ચારસો કરોડ) (જે વિવિધ ગણતરીએ ૧૭,૦૦૦ કરોડ પર થવા ઉપર છે) તેનું પેમેન્ટ, ફસાયેલી બેંકોને ક્યારે થશે?

***(નીરવ મોદીના કૌભાંડનો બૉંબ ફૂટ્યા પછી બીજા ૪ વધુ કૌભાંડો પ્રકાશમાં આવ્યા છે. તેની દસ્તાવેજી હકીકતોનો સંશોધન અહેવાલ આવતા મહિનાના કચ્છશ્રુતિમાં)***

*૭, ક્રોકોડીલ બિલ્ડિંગ,*
*ગોદરેજ સ્કાય ગાર્ડન, તક્કા - સ્ટેશન રોડ,*
*તક્કા, પનવેલ-૪૧૦ ૨૦૬.*
*મો. ૯૧૬૭૫ ૬૭૩૯૫, ૯૯૩૦૬ ૬૦૨૪૨*

કચ્છ

# ખારેક તો કચ્છની કરોડરજ્જુ

• રાજેશ ખંડોલ •

બાગાયતી પાકોની સામાન્ય રીતે એ ખાસિયત હોય છે કે તેનું એક વખત વાવેતર કર્યા પછી વર્ષો સુધી પાક મળે છે અને માવજત પણ ઓછી કરવી પડે છે જેને કારણે મોટા ભાગના શ્રીમંત ખેડૂતો બાગાયતી પાકો તરફ વધારે ધ્યાન આપતા થયા છે. બાગાયતી પાકની પ્રતિ એકર ઉપજ પણ વધારે હોવાથી આર્થિક રીતે પણ બાગાયતી પાકો લાભદાયક પુરવાર થાય છે.

● **ખારેક :**

કચ્છી ખારેક હવે દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. **ગુજરાતની ૯૫ ટકાથી પણ વધારે ખારેકનું ઉત્પાદન માત્ર કચ્છમાં જ થાય છે.** ખારેકનું ઉત્પાદન મોટા ભાગે જુલાઈ-ઓગસ્ટમાં થતું હોય છે. એટલે કે ખારેકની સીઝન લગભગ કેરીની સીઝન પૂરી થયા પછી શરૂ થાય છે. **કચ્છની ખારેકની ગુણવત્તા એટલી ઉત્તમ છે કે કચ્છ બહાર સહેલાઈથી રૂપિયા ૨૦૦ પ્રતિ કિલોથી કરીને ૪૦૦ રૂપિયા પ્રતિ કિલોનો ભાવ મેળવી શકાય છે.** મુખ્યત્વે માંડવી, મુંદ્રા, ભુજ અને અંજાર તાલુકામાં ખારેકનું વધારે ઉત્પાદન જોવા મળે છે. કચ્છની ગરમ આબોહવા પાકને અનુકૂળ છે અને વર્ષ દરમ્યાન પાકની કોઈ વારંવાર માવજત ન કરવી પડતી હોવાથી ખારેકનું વાવેતર ખૂબ જ સરળ બને છે. ખારેકનો જથ્થો પણ પ્રતિ ઝાડ વધારે આવતો હોવાથી અને ભાવ પણ સારા આવતા હોવાથી ખારેકનું વાવેતર એકંદરે લાભદાયી પુરવાર થાય છે. સામાન્ય રીતે વાવેતર કર્યા બાદ ત્રણ વર્ષ પછી ફળ આવવાના શરૂ થાય છે જે શરૂઆતના થોડા વર્ષોમાં અધિક માત્રામાં જોવા મળતા નથી પરંતુ ત્રણથી ચાર વર્ષ પછી વિપુલ પ્રમાણમાં ઉત્પાદન શરૂ થાય છે જે અંદાજિત ત્રીસ વર્ષ સુધી ચાલ્યા કરે છે. **ખારેકનો મહત્તમ વિસ્તાર એકદમ અદ્યતન ટપક પદ્ધતિ દ્વારા થતી સિંચાઈની ઉપલબ્ધતા ધરાવે છે.**

કચ્છની ખારેક ભારતના વિવિધ મોટા શહેરોમાં નિકાસ થાય છે. ચેન્નાઈ જેવા શહેરોમાં પણ હવાઈ માર્ગે નિકાસ થાય છે. ખારેકની પોતાની કુદરતી લાઈફ ત્રણથી ચાર દિવસની જ હોવાથી ત્યારબાદ તે બગડી જાય છે. પરંતુ જો નિકાસ કરવી હોય તો રેફ્રીજરેટર કન્ટેઇનરની સુવિધા જરૂરી છે. જે બન્ને બંદરો એટલે કે કંડલા અને મુંદ્રા ખાતે ઉપલબ્ધ છે. ખારેકમાં જે મહત્ત્વનો રિસર્ચનો વિષય છે એ પાકને છોડ ઉપરથી ઉતાર્યા પછી તેની લાઈફ કેવી રીતે વધારી શકાય તે છે. **જો અતિ આધુનિક અને રિસર્ચ લક્ષી કોલ્ડ સ્ટોરેજની સુવિધા ઉપલબ્ધ કરાય તો પાકનું આયુષ્ય વધારી શકાય.** પાકનું કુદરતી આયુષ્ય બેથી ત્રણ દિવસનું હોવાથી ખેડૂતો સારો ભાવ મેળવી શકતા નથી. જો આના અનુસંધાનમાં સંયુક્ત પ્રયાસો કરવામાં આવે તો હાલમાં થતી કુલ ઉપજના રૂપિયામાં ઘણો જ વધારો કરી શકાય તેમ છે.

અગાઉ જણાવ્યું તેમ ખારેકનું ઉત્પાદન વાવણી બાદ ત્રણ વર્ષ પછી શરૂ થાય છે એટલે ઉત્પાદનના જે આંકડાઓ છે એ હાલના આંકડા છે. છેલ્લા બેથી ત્રણ વર્ષમાં હજી ઘણું જ વાવેતર થયું છે. જેનું ઉત્પાદન હવે પછીના વર્ષોમાં જોવા મળશે. ખારેકના ઉત્પાદનમાં વર્ષોવર્ષ વધારો જ થતો આવ્યો છે જે આપેલા કોષ્ટક પરથી જોઈ શકાય છે. કોષ્ટકમાં એક તાલુકાની સરખામણી થઈ શકે તે માટે ૨૦૧૨-૧૩ ના અને ૨૦૧૫-૧૬ વર્ષના આંકડાઓ આપેલા છે. આ આંકડાઓ કચ્છ જિલ્લાની બાગાયતી શાખાની કચેરીમાંથી મેળવવામાં આવેલા છે.

## કચ્છમાં ખારેકનું ઉત્પાદન

| | | વર્ષ ૨૦૧૨-૧૩ | | વર્ષ ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | વિસ્તાર હેક્ટરમાં | ઉત્પાદન ટનમાં | વિસ્તાર હેક્ટરમાં | ઉત્પાદન ટનમાં |
| ૧. | અબડાસા | ૪૨૭ | ૩૪૩૭ | ૪૭૦ | ૪૩૭૬ |
| ૨. | અંજાર | ૨૧૬૪ | ૧૭૪૨૦ | ૨૨૫૭ | ૨૭૦૪૯ |
| ૩. | ભચાઉ | ૬૦૮ | ૪૮૯૪ | ૬૭૭ | ૫૫૦૩ |
| ૪. | ભુજ | ૧૧૪૬ | ૯૨૨૫ | ૧૨૧૬ | ૧૦૫૨૧ |
| ૫. | લખપત | ૧૮૬ | ૧૪૯૭ | ૨૦૯ | ૧૯૪૬ |
| ૬. | માંડવી | ૯૪૨ | ૭૫૮૩ | ૧૦૫૧ | ૮૯૮૫ |
| ૭. | મુંદ્રા | ૧૦૨૨૪ | ૮૨૩૦૩ | ૧૦૪૪૮ | ૯૬૪૭૧ |
| ૮. | નખત્રાણા | ૬૨૩ | ૫૦૧૫ | ૭૦૬ | ૫૭૭૩ |
| ૯. | રાપર | ૪૫૫ | ૩૬૬૩ | ૪૯૦ | ૩૭૬૨ |
| ૧૦. | ગાંધીધામ | ૧૦૩ | ૮૪૩ | ૧૩૪ | ૧૨૪૬ |
| | કુલ | ૧૬૮૭૮ | ૧૩૫૮૮૦ | ૧૭૬૫૮ | ૧૬૫૬૩૨ |

દિનચર્યા

# દિવસની તમારી પ્રથમ નિષ્ફળતા ત્યારે શરૂ થાય છે, જ્યારે તમે પાંચ મિનિટ વધુ ઊંઘવાનું નક્કી કરો છો!



ભોલાભાઈ ગોલીબાર

પરમ કૃપાળુ પરમાત્માએ આપેલી આ જિંદગીમાં આપણને ક્યારેક ને ક્યારેક જિંદગીના વળાંક પર આપણું કોઈ પ્રિયજન-સ્વજન હંમેશાં માટે છોડીને જતું રહે છે, જેના પાછા ફરવાના બધા રસ્તા બંધ છે. એ કદી પાછા ફરતા નથી. આવામાં એક જ વિચાર આવે છે કે દુનિયાથી જતા રહેનારા ન જાણે ક્યાં જતા રહે છે.... એ વિશ્વાસ કરવું પણ મુશ્કેલ બની જાય છે કે દુનિયાની ભીડમાં એ જ વ્યક્તિ નથી દેખાઈ રહ્યો, જે આપણો પ્રિય છે. જે લોકો પોતાનો પ્રિયજન કે સ્વજન ગુમાવી ચૂક્યા છે એ લોકો જ આ પીડા અનુભવી શકશે, સમજી શકશે. જે જતા રહ્યા છે એની પાછળ રહી જનાર આ દર્દ સાથે કેવી રીતે જીવે છે એ જેના પર વીતી હોય છે એ જ જાણે છે. દરેક વખતે એમ જ થાય કે એ જતો રહેલો પ્રિયજન કે સ્વજન બહાર આવી આપણી સામે આવી જાય તો સારું. પ્રિયજન કે સ્વજનને હંમેશ માટે ગુમાવી દીધા પછી આપણને જીવવાની જ ઈચ્છા નથી રહેતી. આપણે કલ્પના નથી કરી શકતા કે જેની સાથે આપણે કાલ સુધી જિંદગી વિતાવતા હતા, જેની સાથે પલ-પલ વિતી રહી હતી એ હવે કદી પાછા નથી ફરવાના. આપણી જિંદગીનું ટાઈમટેબલ પણ બદલાઈ જાય છે. ઘણી વખત તો સ્વજનને ગુમાવી દેનારને પોતાને પણ એમ થાય છે કે એ પોતે પણ જિંદગીનો 'ધી એન્ડ' લાવી દે.

મિત્રો, આવી પરિસ્થિતિમાંથી તમે, હું, આપણે બધા પસાર થઈ ગયા છીએ. સ્વજનને ગુમાવી દેવા કરતા પણ ક્યારેક આપણને વધુ માનસિક પીડા થતી હોય છે. કંઈ ન કરવા છતાં બીજા અને પોતાનાએ કરેલો દગો, અપમાન, ખરાબ વેણ, તિરસ્કાર એવી ઘણી બધી વાતોનો અનુભવ કર્યા પછી આપણે કહીએ છીએ, જેવી પ્રભુ ઈચ્છા... સ્વજનને પણ પ્રભુ-પરમાત્મા પાસે જ પાછા બોલાવી લે છે. ઈશ્વરે દરેકને કોઈક ને કોઈક ઉદ્દેશ સાથે આપણને બધાને મોકલ્યા છે. એટલે આપણા જીવનનો આપણા હાથે "ધી એન્ડ" કરવાનો આપણને કોઈ અધિકાર નથી. જો ધરતી પર આપણે આપણી ઈચ્છાથી નથી આવ્યા તો પાછા જવાનો નિર્ણય પણ આપણે નથી લઈ શકતા. આપણે એવું વિચારવું જોઈએ કે આપણાથી બદતર હાલતમાં પણ લોકો ખુશીથી જીવી રહ્યા છે. જો એ લોકો બધું ભૂલીને આગળ વધી શકે છે તો આપણે કેમ નહીં. દુનિયામાં આપણી આસપાસ ઘણા લોકો એવા છે જેમને આપણી જરૂર છે. બસ, નિર્ણય લો અને એ માણસની મદદ કરવા આગળ વધો. નાનકડી શરૂઆત કરો. તમે જાતે અનુભવશો, સ્વજનની વિદાયનો આઘાત ઓછો થશે. એટલે આગળ વધો અને તમારી અને કોઈકની જિંદગીને સંવારો, સજાવો ને બનાવો.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ, એશિયન પેઈન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow

• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010

• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

અર્થકારણ

# ગુજરાત સરકારશ્રીના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટની મહત્ત્વની જાહેરાતો

ગુજરાતના ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં રાજ્ય સરકારે અનેક નવતર અને પ્રજાલક્ષી યોજનાઓની જાહેરાત કરી છે.

## રોજગારી વિષયક

★ મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના હેઠળ ૧,૦૦,૦૦૦ યુવાનોને રોજગારી.

★ સ્નાતક યુવાઓને માસિક રૂા. ૩૦૦૦, ડિપ્લોમા ધારકને માસિક રૂા. ૨૦૦૦ અને અન્યોને માસિક રૂા. ૧૫૦૦ આપવામાં આવશે.

★ ૫૦,૦૦૦ જેટલા ગ્રામીણ વિસ્તારના કુશળ અને અર્ધકુશળ શ્રમિકો તથા લઘુ સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિકોના ગ્રામીણ વ્યવસાયો માટે રૂા. ૬૦ કરોડની જોગવાઈ.

★ આગામી વર્ષમાં સરકારના વિવિધ વિભાગોમાં અંદાજે ૩૦,૦૦૦ નવી ભરતી કરવામાં આવશે.

★ દૂધાળા પશુફાર્મની સ્થાપના માટે એક ફાર્મદીઠ રૂા. ૩ લાખ સુધીની સહાય આપવામાં આવશે. આવા કુલ ૫,૦૦૦ ફાર્મની સ્થાપના અન્વયે પ્રથમ વર્ષે ૨૫,૦૦૦ વ્યક્તિઓને સહાય.

## ખેડૂત કલ્યાણલક્ષી

★ ખેડૂતોને ૦ ટકાના દરે પાક ધિરાણ.

★ ખેડૂતોને ૦ ટકા વ્યાજે પાક ધિરાણ મળે તે માટે રૂા. ૫૦૦ કરોડની જોગવાઈ.

★ ટપક સિંચાઇ અંતર્ગત સિંચાઇ વ્યવસ્થાને સુદ્રઢ કરવા રૂા. ૭૫૦ કરોડની જોગવાઈ.

★ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના : ખેડૂત અકસ્માત વીમો, ભાવ સ્થિરીકરણ વગેરે કૃષિક્ષેત્રનાં જોખમોને પહોંચી વળવા માટે રૂા. ૧૧૦૧ કરોડ જેટલી રકમની ફાળવણી.

## શ્રમયોગીઓના કલ્યાણ માટે

★ શ્રમયોગીઓના આરોગ્યની તપાસણી યોજના માટે ૨૨ નવા ધન્વંતરી આરોગ્ય રથ.

★ બાંધકામ શ્રમિક ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ સિલિન્ડર અને સગડી આપવા માટે રૂા. ૧૦ કરોડની જોગવાઈ.

## શિક્ષણ ક્ષેત્રે 'જ્ઞાનકુંજ' પ્રોજેક્ટ

★ ૪૦૦૦ શાળાઓમાં ધોરણ-૭ અને ૮ના ૮૦૦૦ વર્ગખંડોમાં 'જ્ઞાનકુંજ' પ્રોજેક્ટ અને એન.સી.ઈ.આર.ટી. આધારીત ધોરણ-૫ થી ૮ના અભ્યાસક્રમનાં ઈ-કન્ટેન્ટ વિકસાવવા માટે રૂા. ૩૦ કરોડની જોગવાઈ.

★ ગણવેશ સહાયની રકમ રૂા. ૩૦૦થી વધારીને રૂા. ૬૦૦.

## આરોગ્યલક્ષી યોજનાઓ

★ મુખ્યમંત્રી અમૃતમ્ (મા) અને મા-વાત્સલ્ય યોજનાના વ્યાપમાં વધારો.

★ મુખ્યમંત્રી અમૃતમ્ (મા) અને મા-વાત્સલ્ય યોજનાનો મધ્યમ વર્ગના લોકોને વધુ લાભ મળે તે માટે કુલ રૂા. ૭૦૦ કરોડની જોગવાઈ કરાઇ છે. જેની સાથે યોજનામાં વાર્ષિક આવક મર્યાદા રૂા. ૨.૫૦ લાખથી વધારીને રૂા. ૩ લાખ કરવામાં આવશે. હાલની સારવાર માટેની મર્યાદા બે લાખથી વધારીને ૩ લાખ કરવામાં આવશે. વાર્ષિક રૂા. છ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના સિનિયર સિટીઝનને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

★ કિડની, લીવર અને પેન્ક્રિઆઝના પ્રત્યારોપણ માટે રૂા. બે લાખ સુધીની સહાયમાં વધારો કરી રૂા. પાંચ લાખ સુધીની સહાય આપવામાં આવશે.

★ ની-રીપ્લેસમેન્ટ તથા હીપ રીપ્લેસમેન્ટ માટે એક પગના ઓપરેશન દીઠ રૂા. ૪૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે અને બે પગના પ્રત્યારોપણના કિસ્સામાં રૂા. ૮૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે.

## સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો (MSME)ના વિકાસ માટે વિશેષ યોજનાઓ

★ સરકારે જાહેર કરેલી વિવિધ નીતિઓ જેવી કે ઔદ્યોગિક પ્રોત્સાહન યોજના, ટેક્ષટાઇલ પોલીસી, ગારમેન્ટ અને એપેરલ પોલીસી, સંરક્ષણ અને એરોસ્પેસ પોલીસી, પ્લાસ્ટિક ઉદ્યોગ માટે સુધારેલી યોજનાઓ હેઠળ પ્રોત્સાહનો પૂરા પાડવા કુલ રૂા. ૮૫૦ કરોડની જોગવાઈ.

એમએસએમઇ એકમો માટે સ્ટાર્ટ-અપ ફંડની શરૂઆત કરવા રૂા. ૫૦ કરોડની જોગવાઈ.

★ જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી દ્વારા અલંગ શિપ રિસાઇકલિંગ યાર્ડનું આધુનિકીકરણ કરવા માટે રૂા. ૨૦ કરોડની જોગવાઈ.

## પ્રવાસન અને યાત્રાધામો માટે

★ સાબરમતી આશ્રમ - અમદાવાદ ખાતે લાઇટ એન્ડ સાઉન્ડ શો અને કીર્તિમંદિર - પોરબંદર અને મહાત્મા ગાંધીના જીવન સાથે સંબંધિત અન્ય સ્થળોના વિકાસ માટે કુલ જોગવાઈ રૂા. ૨૦ કરોડ.

★ નવી ટૂરિસ્ટ સર્કિટ જેવી કે સરદાર પટેલ સર્કિટ, જૈન સર્કિટ અને સિંધુ સંસ્કૃતિ દર્શન અંતર્ગત લોથલ અને ધોળાવીરાના વિકાસ માટે કુલ રૂા. ૭ કરોડની જોગવાઈ.

મહેસાણા જિલ્લામાં આવેલી તારંગા હિલ ખાતે આવેલા તરણમાતા મંદિર અને અન્ય મંદિરોના વિકાસ અને માળખાકીય સુવિધા માટે રૂા. ૫ કરોડની જોગવાઈ.

## સિંચાઇ સુવિધાઓ વધારવા માટે આયોજન

★ સૌની યોજનાના બીજા તબક્કાની બાર પેકેજની કામગીરી માટે રૂા. ૧૭૬૫ કરોડની જોગવાઈ. જેનાથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં ૫૭ જળાશયોના ૩,૭૩,૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ થશે.

*સૂચનો આપવા સહેલા છે*
*પરંતુ સૂચનરૂપ - દાખલારૂપ બનવું અઘરું છે.*

## ગ્રીન, ક્લીન અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી આરોગ્યપ્રદ, સ્માર્ટ અને નાગરિક કેન્દ્રિત શહેરો

★ ટ્રાફિક નિયંત્રણ.

★ મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે રૂા. ૫૯૨ કરોડની માતબર રકમની ફાળવણી.

★ પોલીસદળમાં આગામી વર્ષમાં ૫૬૩૫ જેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાનું આયોજન.

★ ટ્રાફિક બ્રિગેડમાં ૪૦૦૦ સ્વયંસેવકોનો વધારો કરવામાં આવશે. તેમાં ૩૩ ટકા મહિલાઓનો સમાવેશ કરવામાં આવશે.

★ મ્યુનિસિપલ કોર્પોરેશન અને 'અ' વર્ગની ૨૨ નગર પાલિકાઓમાં ૨૮૬૪ બસો વાર્ષિક પ્રતિ કિ.મી.ના દરના ધોરણે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી શરૂ કરવા માટે રૂા. ૨૯૦ કરોડની જોગવાઈ.

## પીએનજી - એલપીજી સહાય યોજના

★ અંત્યોદય તથા બીપીએલ કાર્ડ ધારકોને ગેસ કનેક્શન દીઠ સબસિડી રૂા. ૧૬૦૦ તથા લોનપેટે રૂા. ૧૭૨૫.૫૦ આપવામાં આવશે. આ યોજના આઠ મહાનગર પાલિકા તથા ૨૫ જિલ્લાઓના મુખ્ય મથકે તથા નવસારી જિલ્લામાં અમલમાં મૂકવામાં આવશે.

★ રાજ્યની ડિજિટલ ગવર્નન્સ ક્ષમતાને મજબૂત બનાવવા કુલ જોગવાઈ રૂા. ૨૭.૫૦ કરોડ ■

## ગુજરાત સરકારશ્રીના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં કચ્છ માટેની જોગવાઈઓ

| | |
|---|---|
| • કચ્છ શાખા નહેરના ત્રણ પમ્પિંગ સ્ટેશનના વિસ્તરણ માટે | રૂા. ૪૯૫.૦૦ કરોડ |
| • નર્મદાના પૂરના વધારાના પાણીની કામગીરી માટે | રૂા. ૧૫.૫૦ કરોડ |
| • કચ્છ અને સૌરાષ્ટ્રના ડેરી વિકાસ માટે | રૂા. ૨૫.૦૦ કરોડ |
| • બે પશુ પોલીક્લિનિક સહિત પશુ સારવાર સંસ્થાના બાંધકામ માટે | રૂા. ૨૩.૦૦ કરોડ |
| • માંડવી ખાતે આયુર્વેદ પ્રવાસન માટે 'વેલનેસ સેન્ટર' ઊભું કરવા માટે | રૂા. ૫.૦૦ કરોડ |
| • ધોળાવીરા પ્રવાસન મથકના વિકાસ માટે | રૂા. ૭.૦૦ કરોડ |

• રાજ્યના ૯૯૩ કિ.મી.ના રાજ્ય ધોરીમાર્ગને દ્વિમાર્ગીય કરવા રૂા. ૨૫૦ કરોડ ફાળવાયા છે. કે જેમાં કચ્છમાંથી રાપર - ફતેહગઢના માર્ગોનો સમાવેશ કરવામાં આવેલ છે.

• આ સિવાય આ બજેટમાં અનેક એવી આ સરહદી જિલ્લા સંબંધી જાહેરાતો કરવામાં આવી છે કે જેનો સીધો કે પરોક્ષ ફાયદો કચ્છ જિલ્લાને પણ પહોંચશે.

વાયબ્રન્ટ હાસ્ય

# લાફ્ટર થેરાપી

## લાફ્ટર ઇસ ધી બેસ્ટ મેડિસિન – (૩)

• તુલસી કંસારા •

આપણે બીજા મણકામાં મસલ્સ કે સ્નાયુઓને સ્ટ્રેચિંગ કે બેન્ડિંગ, મતલબ ખેંચીને કે વાળીને કસરત આપવાની વાત કરેલ. આ બાબતમાં ખાસ જાણવા જેવી વાત ચિત્રલેખા (તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૧૮) મા હેલ્થ-હેલ્પલાઈન કોલમમાં હીરેન મહેતાએ લખેલ છે કે **શરીરને ટટ્ટાર અને મજબૂત રાખવામાં હાડકાં જેટલું જ મહત્ત્વ સ્નાયુઓનું છે** અને આ સ્નાયુઓ માણસ ત્રીસ વરસનો થાય ત્યાં સુધી વિકસે છે. પરંતુ ત્યારબાદ સ્નાયુઓની ગળવાની પ્રક્રિયા શરૂ થાય છે. તે જયારે ૬૦ની ઉંમરે પહોંચે ત્યારે આ મસલ્સ ગળવાનું પ્રમાણ ખાસ્સું વધી ગયું હોવાને કારણે તેની ચાલવાની ઝડપ ઓછી થાય, નબળાઈ લાગે, સંતુલન ચુકાવા લાગે, આવા લક્ષણો જણાય તેને સાર્કોપિનિયા કહેવામાં આવે છે. તેઓ એમ પણ લખે છે કે આ બીમારીનો કોઈ ઈલાજ નથી, પરંતુ તે માટે કસરત એ સૌથી સરળ અને વ્યવહારૂ ઈલાજ છે. જેનાથી આપમેળે શરીરમાં નવી ઉર્જાનો સંચાર થાય છે અને સ્નાયુ તથા સાંધાઓને લવચીકતા પણ મળે છે.

આ મણકામાં આપણે હોલબોડી (Whole Body) એક્સરસાઈઝ વિશે જોઈશું. નામ જ સૂચવે છે તે મુજબ આ કસરતોમાં મસ્તકથી લઈને પગના અંગૂઠા સુધીના બધાજ અંગોને કસરત આપવામાં આવે છે, જેને અમે "ટોપ થી ટો" સુધીની કસરતો કહીએ છીએ. આ દરેક કસરતો નીચેના ક્રમમાં સાત-સાત વખત કરવાની છે. અને તે માટેના આદેશો કે સૂચન આ મુજબ છે.

**(૧) ગરદનની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

હોલબોડી એક્સરસાઈઝ શરૂ કરને જા રહે હૈ.

"ગરદન ડાબે ખભેથી જમણે લઈ જઈ ચક્રાકારે ફેરવીશું" અને ત્યારબાદ તેજ ક્રિયા વિરુધ્ધ દિશામાં કરવા માટે સૂચન આપવામાં આવશે "રીવર્સ." આ ક્રિયા સાત વખત કરીશું.

**(૨) ખભાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"ડાબા હાથને આગળથી ઉંચો કરીને પાછળની તરફ લઈ જઈશું ચક્રાકારે ફેરવીશું" અને ત્યારબાદ તેજ ક્રિયા વિરુધ્ધ દિશામાં કરવા માટે સૂચન આપવામાં આવશે "રીવર્સ." આ ક્રિયા સાત સાત વખત કરીશું. ત્યારબાદ જમણા હાથ માટે આ સૂચન આપવામાં આવશે.

**(૩) કોણીની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"બન્ને હાથ કોણીથી વાળીને અંગૂઠો ખભાને અડે તે પ્રમાણે કોણીની કસરત કરવાની છે"

**(૪) કાંડાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"બન્ને હાથ સામેની દિશામાં લઈ જઈને કાંડા પાસેથી અંદરની તરફથી ગોળગોળ ફેરવવાના છે અને ત્યારબાદ તેજ ક્રિયા વિરુધ્ધ દિશામાં કરવા માટે સૂચન આપવામાં આવશે "રીવર્સ." આ ક્રિયા સાત સાત વખત કરીશું."

**(૫) હાથના આંગળા અને અંગૂઠાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"ડાબો હાથ ડાબી તરફ અને જમણો હાથ જમણી તરફ લઈ જઈને અંગૂઠો અંદરની તરફ વાળી તેની ઉપર આંગળાને દબાવવાના છે. આ ક્રિયા સાત વખત કરીશું"

**(૬) કમરની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"શરીરને કમરથી વાળીને આગળ ઝુકી, ડાબેથી જમણી તરફ ચક્રાકારે ફેરવીશું અને ત્યારબાદ રીવર્સના આદેશ સાથે તેનાથી વિરુધ્ધ દિશામાં ફેરવીશું" આ ક્રિયા સાત વખત કરીશું.

**(૭) હિપ જોઈન્ટસની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"સૌ પ્રથમ બન્ને હાથ કમર પર રાખી ડાબા પગને હિપ જોઈન્ટ પાસેથી સામેની દિશામાં લઈ જવાનો છે, ગુડા પાસેથી વાળવાનો નથી. આ ક્રિયા પાંચ વખત કરીશું. ત્યારબાદ જમણા પગને આજ રીતે સામેની દિશામાં લઈ જઈશું. ત્યારબાદ ડાબા પગને ડાબી તરફ લઈ જવાનો છે, ત્યારબાદ જમણા પગને જમણી તરફ લઈ જવાનો છે, ત્યારબાદ ડાબા પગને પાછળ લઈ જવાનો છે અને છેલ્લે જમણા પગને પાછળ લઈ જવાનો છે" દરેક ક્રિયા પાંચ વખત પૂરી થતાં નિયામક સૂચન આપતા રહેશે, કે ડાબો પગ સામે, જમણો પગ સામે, ડાબો પગ ડાબી તરફ, જમણો પગ જમણી તરફ, ઈત્યાદિ.

**(૮) ગુડાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"પગને ગુડાથી વાળીને પગના પંજા ઉપર અધ્ધર બેસીને ઉભા થવાનુ છે, આ કસરત સાત વખત કરીશું"

**(૯) પગની એડી અને પંજાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"પગના પંજા અને એડી ઉપર વારા ફરતે ઉભા રહેવાનુ છે, આ કસરત સાત વખત કરીશું"

**(૧૦)પગના આંગળા અને અંગૂઠાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"પગના આંગળા અને અંગુઠાને વારા ફરતે અંદર બહાર કરવાના છે, આ કસરત સાત વખત કરીશું"

## બેન્ડિંગ અને સ્ટ્રેચીંગની કસરતો

**(૧૧)ફોરવર્ડ બેન્ડિંગની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"શરીરને ગુડાથી પગના અંગૂઠાને હાથથી અડકાય તે રીતે આગળની તરફ વાળીને ફરી સીધા થવાનું છે. કમરની કે મણકાની તકલીફ હોય તેવા લોકોએ આ કસરત કરવાની નથી. આ કસરત સાત વખત કરીશું"

**(૧૨)બેકવર્ડ બેન્ડિંગની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"શરીર તેમજ બન્ને હાથને પાછળની તરફ ઝુકાવીને ફરી સીધા થવાનું છે. આ કસરત સાત વખત કરીશું"

**(૧૩)સાઈડવર્ડ બેન્ડિંગની કસરત - ૧ :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"બંને હાથના આંગળાના અંકોડા ભીડી, હાથ ઉંચા કરી હથેળીઓ આકાશ તરફ રાખીને શરીરને પ્રથમ ડાબે અને ત્યારબાદ જમણી તરફ ઝુકાવીને ફરી સીધા થવાનું છે. આ કસરત સાત વખત કરીશું"

**(૧૪)સાઈડવર્ડ બેન્ડિંગની કસરત - ૨ :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"બન્ને હાથની હથેળીઓ શરીર સાથે ચીપકાવેલી રાખીને શરીરને પ્રથમ ડાબે અને ત્યારબાદ જમણી તરફ વાળવાનું છે. આ ક્રિયા વખતે હાથના આંગળા ગુડાને અડકે ત્યાં સુધી વળવાનું છે. આ કસરત સાત વખત કરીશું."

**(૧૫)સેમિ-સર્કલ કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"બન્ને હાથ પોતપોતાની સાઈડમાં ૯૦ અંશને ખૂણે ઊંચા કરીને કમરથી ડાબી અને જમણી તરફ ઝડપથી અર્ધવર્તુળાકારે શરીરને વાળવાનું છે. આ કસરત સાત વખત કરીશું"

## આંખો માટેની કસરતો

**(૧૬)દૃષ્ટિ નઝદિક - દૂર કરીને કરવાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"એક હાથના અંગૂઠાને પોતાની સામે રાખી, તેના પર દૃષ્ટિ સ્થિર કરીને અંગૂઠાને નઝદીક લાવો અને ફરી દૂર લઈ જાઓ. આ ક્રિયા સાત વખત કરવાની છે.

**(૧૭)દૃષ્ટિ આજુબાજુ ફેરવવાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"એક હાથના અંગૂઠાને પોતાની ડાબેથી જમણી તરફ લઈ જવાનો અને ત્યાંથી ડાબે લઈ જવાનો, આ ક્રિયા કરતી વખતે દૃષ્ટી તેના પર સ્થિર રાખવાની. આ ક્રિયા સાત વખત કરવાની છે.

**(૧૮)દૃષ્ટિ આજુબાજુ ફેરવવાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

"એક હાથના અંગૂઠાને વર્તુળાકારે ડાબેથી જમણી તરફ ફેરવવાનો અને ત્યારબાદ વિરુધ્ધ દિશામાં રીવર્સમાં ફેરવવાનો. આ ક્રિયા કરતી વખતે દૃષ્ટી તેના પર સ્થિર રાખવાની. આ ક્રિયા સાત વખત કરવાની છે.

**(૧૯)દૃષ્ટિ આજુબાજુ ફેરવવાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

બન્ને હાથની હથેળીને ૨૦-૨૫ વખત એકબીજા સાથે ઘસીને આંખ ઉપર રાખીને પાલ્મીંગ કરો.

**(૨૦)રીલેક્ષ થવાની કસરત :**

*નિયામકે (કસરત કરાવનારે) આપવાના સૂચનઃ*

બન્ને હાથને કાંડાથી લૂઝ કરીને દસેક વખત થોડા કૂદકા મારતાં કપડાં ઝાટકતા હોવ તેમ ઝાટકી નાખો.

ઉપરની વીસ કસરતો પૂરી કરતાં લગભગ પંદરથી વીસ મિનિટ થશે. આ કસરતો પૂરી થતાં નિયામક ગ્રુપ મેમ્બર્સને બેસી જવાની સૂચના આપશે અને ત્યારબાદ બેસીને કરવાની કસરતોનો રાઉન્ડ શરૂ થશે, જે બાબતમાં આપણે હવે પછીના અંકમાં ચર્ચા કરીશું.

- **લાસ્ટ એન્ડ ફર્સ્ટ :**

When you exercise, your body releases chemicals called endorphins. These endorphins interact with the receptors in your brain that reduce your perception of pain. Endorphins also trigger a positive feeling in the body, similar to that of morphine.

***feedback : tulsi_66@yahoo.in***

સ્વાસ્થ્ય

# કિશોરાવસ્થા : આધુનિક ડિજિટલ યુગમાં




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

છેલ્લા ચારેક દાયકામાં કૌટુંબિક તથા સામાજિક ક્ષેત્રે નોંધપાત્ર ફેરફારો થયા છે. કુટુંબના કદમાં, રચનામાં તથા કાર્યપધ્ધતિમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યા છે. ભૌતિક ક્ષેત્રે નવી નવી શોધખોળો થઈ છે અને થતી રહે છે. ડિજિટલ ઇન્ડિયાએ હરણફાળ ભરી છે. ભૌતિક સુખ સગવડો વધ્યા છે, જીવન જરૂરિયાતોની વસ્તુઓની વ્યાખ્યા બદલાઈ ગઈ છે. જીવન મૂલ્યો, નૈતિકતા બદલાઈ ગયા છે. કૌટુંબિક જરૂરિયાતો તથા કૌટુંબિક ભાવનાઓની જગ્યાએ વ્યક્તિગત જરૂરિયાતો અને વ્યક્તિગત ભાવનાઓને પ્રાધાન્ય અપાય છે.

કૌટુંબિક અવસ્થામાં પણ નોંધપાત્ર પરિવર્તનો આવ્યા છે. શહેરોમાં સંયુક્ત કુટુંબની ભાવના તથા વ્યવસ્થાઓ તૂટતી જાય છે. વિભક્ત કુટુંબની ભાવના તથા વ્યવસ્થાઓ વધતી જાય છે. અર્થવ્યવસ્થા બદલાઈ ગઈ છે. કુટુંબના સમીકરણો બદલાયા છે. સ્ત્રીઓ પુરુષ સમોવડી બની છે.

લોકોમાં સહનશક્તિ ઓછી થઈ ગઈ છે. દેખાદેખી વધી ગઈ છે. અપેક્ષાઓનું (ભણતરમાં, પૈસામાં, સુખ સગવડોમાં વગેરેમાં) પ્રમાણ ક્યાં અટકશે એની કલ્પના કરવી મુશ્કેલ છે. પરસ્પરના સંબંધો ખૂબ જ નાજુક થઈ ગયા છે.

માનસિક સંતોષ ક્યાંય દેખાતો નથી. મનથી બાંધછોડ કરવાની વૃત્તિ અલિપ્ત થતી જાય છે. આવી પરિસ્થિતિમાં કિશોરોના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસ અને પરિપક્વતા (Personality Development and Maturity) માટે માતા-પિતા તથા વડીલોની ભૂમિકા અગત્યનો ભાગ ભજવે છે. માતા-પિતાનું સપ્રમાણ હકારાત્મક વલણ કિશોર માટે મહત્ત્વનું છે, જેથી કિશોરમાં યોગ્ય વ્યક્તિત્વનું ઘડતર થાય તથા પુખ્તવયે તથા મોટી ઉંમરે શાંતિમય જીવન જીવી શકે. દરેક પરિસ્થિતિનો સામનો કરવાની માનસિક શક્તિ તથા ઊર્જા મળી રહે.

***"કિશોરોને મનથી મિત્ર સમજો તથા મિત્ર જેવો વ્યવહાર તથા વર્તણૂંક કરો."*** – **ચાણક્ય**

માતા-પિતા તથા વડીલોએ કિશોરો વિશેના નીચેના મુદ્દાઓને ધ્યાનમાં લઈ સમજણપૂર્વકના ફેરફારો કરવાની અગત્યની જરૂરત છે.

**(અ) માનસિક સ્વતંત્રતા (Psychological Autonomy)**

૧. કિશોરોને ધ્યાનપૂર્વક, સમજણપૂર્વક, શાંતિથી, તટસ્થ તથા મિત્ર ભાવનાથી સાંભળો. ભલે એના વિચારો, નિર્ણયો તમારા માટે અણગમતા હોય.

૨. પોતાના નિર્ણયો પોતે લે એ માટે એને પ્રોત્સાહિત કરો. નિર્ણયો લેવાની પદ્ધતિ વિશે વિચાર વિનિમય કરો.

૩. કિશોરને સલાહ આપવાનું બંધ કરો.

૪. પોતાના નિર્ણયો જાતે લે ત્યારે એને ઉતારી પાડવાને બદલે સ્વ અનુભવમાંથી શીખવા દો.

૫. એને ટોકવાને બદલે કે નકારાત્મક પ્રતિક્રિયાવાદી બનવાને બદલે થોડી થોડી જવાબદારી સોંપો.

૬. કૌટુંબિક, વ્યવહારિક નિર્ણયો લેવા પ્રોત્સાહન આપો. એના યોગ્ય નિર્ણયોના યોગ્ય વખાણ કરો.

૭. એનું આત્મસન્માન (Self respect) વધારો. એને માનસિક હૂંફ આપો.

૮. કિશોરને એના પ્રશ્નો, એની રીતે ઉકેલવા દો. આખેઆખું કોકડું એના માટે ઉકેલવાની ભૂલ ન કરો. કિશોર માંગે ત્યારે જ માર્ગદર્શન આપો.

**(બ) વિચાર વિનિમયની કળા (Art of Communication) :**

૧. કિશોર જોડે ગુણવત્તાભર્યો સમય ગાળો (Quality Time.)

૨. હકારાત્મક, હુંફવાળું વાતાવરણ ઊભું કરો જેને લીધે કિશોર પોતાની બધી જ વાતો કરે, શૅર કરે. સંકોચ ન અનુભવે.

૩. કિશોરને ધીરજથી, પ્રેમથી, ધ્યાનપૂર્વક સાંભળો. ફક્ત અને ફક્ત સાંભળો જ. પોતાની નકારાત્મક પ્રતિક્રિયા આપવાનું ટાળો.

૪. કિશોરના સંપર્કમાં રહો. જેથી એની હિલચાલ પર નજર રહે. એને સંશય ન આવે.

૫. કિશોરનો વિશ્વાસ જીતો. એને વારંવાર પૂછ પૂછ ન કરો.

**(ક) સમવયસ્ક મિત્રો** (Peer Group)

૧. કિશોરાવસ્થામાં મિત્રો જ એમના રોલ મોડેલ હોય છે.

૨. કિશોર મા-બાપ કરતાં મિત્રોનું વધારે સાંભળશે. મિત્રોના અભિપ્રાયને વધારે મહત્ત્વ આપશે. તમારા મન પર આની નકારાત્મક અસર ન થાય એની સાવચેતી રાખો.

૩. તમારા કિશોરના મિત્રો કોણ છે, કેવા છે એનું ખાસ ધ્યાન રાખો.

૪. અયોગ્ય મિત્રોથી દૂર કેમ રહેવું એ વિશે ચર્ચા કરો.

**(ડ)** કિશોરને પોતાની સમકક્ષ સ્થિતિમાં રાખો. મિત્રની જેમ વ્યવહાર કરો. પ્રેમ અને હૂંફ આપો.

**(ઇ)** તમારા પૂર્વ અનુભવો એની સાથે વહેંચો. એ વખતે સલાહ ન આપો.

**(એફ)** કુટુંબ માટેના કાર્યક્રમનું આયોજન કરવા કિશોરને તક આપો. નેતૃત્વ લઈ, આયોજન કરી, એ પ્રમાણે અમલમાં લાવવાનું કાર્ય એને સોંપો (Leadership, planning, organising, execution.)

**(જ)** કિશોરના બેડરૂમમાં કોમ્પ્યુટર અને ટી.વી. ન રાખવા. ઉત્સુકતાવશ કિશોર આ વસ્તુઓનો ગલત ઉપયોગ કરી શકે છે.

**(એચ)** કિશોરવયના સંતાનના બેડરૂમની સાફસફાઈ મા-બાપે ક્યારેક જાતે જ કરવી. જેથી સીગારેટ, શરાબ, નશીલી દવાઓ જેવી કોઈક નુકસાનકારક વસ્તુ એના બેડરૂમમાંથી મળે તો તાત્કાલિક પગલા લઈ શકાય.

- **સારાંશ :**

કિશોરાવસ્થામાં ઉશ્કેરાટ અને બંડખોર વૃત્તિ હોવા છતાં માતા-પિતા તથા વડીલોના પ્રોત્સાહન અને પ્રેમની તીવ્ર ઇચ્છા કિશોરોમાં હોય છે.

પોતાને બાળક જેવા લાડ પણ મળે અને યુવાન વયે આવતી સ્વતંત્રતા પણ મળે એવું કિશોરો માનતા હોય છે.

પોતાને સ્વાવલંબી બનવાની તક મળવી જોઈએ છતાં જરૂર પડે માતા-પિતા તથા વડીલોની મદદ પણ મળે એવી તીવ્ર ઈચ્છા હોય છે.

આ તબક્કા દરમ્યાન કિશોરો પ્રત્યે મૈત્રીભર્યું, હુંફાળું છતાં શિસ્તવાળું વર્તન રાખવામાં આવે અને સંપર્ક - વાતચીત - વિચાર વિનિમય (સંપર્ક સેતુ) ચાલુ રાખવામાં આવે તો વધુ ઉપયોગી થાય છે. ઉંમરના આ નાજુક વળાંક પર માતા-પિતા તથા વડીલો કિશોરને સંભાળી લેશે તો બાજી હાથમાંથી સરી નહીં જાય. કિશોરનું વ્યક્તિત્વ યુવાનીમાં પરિપક્વ ફૂલની જેમ સોળે કળાએ ખીલી ઉઠશે, મહેંકી ઉઠશે. ■

## યશસ્વી કારકિર્દી ધરાવનાર મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાની એક વધુ યશકલગી

મનોવિજ્ઞાન તથા મનોચિકિત્સાના ક્ષેત્રે સતત છેલ્લા ૪૦ વર્ષોથી પણ વધારે સમયથી કાર્યરત રહેવા તથા જાહેર જનતામાં આ વિષય પર જાગૃતિ લાવવા બદલ મનોચિકિત્સક ડૉ. મણિલાલ ગડાને કચ્છી મેડિકોસ એસોસિએશને **ડૉ. એલ.એમ. શાહ ઓરેશન એવોર્ડ - ૨૦૧૮**થી નવાજ્યા છે. રવિવાર તા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ **કચ્છી મેડિકોસ એસોસિએશન દ્વારા યોજાયેલ સાઇકિયાટ્રી સેમિનારમાં ૯૦થી વધારે ઉપસ્થિત ડોક્ટરોની હાજરીમાં ડો. મણિલાલ ગડાને આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ.**


મનોવિજ્ઞાન તથા મનોચિકિત્સાના ક્ષેત્રે જાહેર જનતામાં જાગૃતિ લાવવા તથા હકારાત્મક વલણ અપનાવવા ડૉ. મણિલાલ ગડા ૧૯૭૬થી સતત કાર્યરત છે. ડૉ. ગડાએ આ વિષય પર સાદી સરળ ભાષામાં ગુજરાતી, અંગ્રેજી, મરાઠી તથા હિંદી ભાષામાં પુસ્તકો લખ્યા છે. વર્તમાનપત્રો તથા માસિકમાં લેખો લખ્યા છે. એમને રાષ્ટ્રીય કક્ષાએ ઍવોર્ડ મળ્યા છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશ્વ આરોગ્ય સંસ્થાના રિસર્ચ કાર્યમાં ભાગ લીધો છે.

ડૉ. મણિલાલ ગડાનો ઑરેશનનો વિષય હતો "ડિપ્રેશનની બીમારી – એ સાઇલન્ટ કિલર". ઓડિયો વિઝ્યુઅલ સ્લાઇડ્સ દ્વારા આ વિષયની છણાવટ ડૉ. ગડાએ કરી હતી. લેક્ચરના મુદ્દા હતા : (૧) ડિપ્રેશનની બીમારી એક સર્વ સામાન્ય બીમારી છે. વસતિના ૧૦% લોકો આનાથી પીડાય છે. (૨) ડિપ્રેશનની લાગણી તથા ડિપ્રેશનની બીમારી બંને અલગ છે. ડિપ્રેશનની બીમારી માટે મેડિકલ સારવાર અત્યંત આવશ્યક છે. (૩) વિશ્વ આરોગ્ય સંસ્થાએ ડિપ્રેશનની બીમારીની ગંભીરતાને સમજીને ૨૦૧૭-૧૮નું વર્ષ ડિપ્રેશનની બીમારીનું વર્ષ જાહેર કર્યું છે. (૪) ડિપ્રેશનની બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં શારીરિક તથા કેમિકલના ફેરફારો થાય છે. (૫) ડિપ્રેશનની બીમારી થવી એ વ્યક્તિનો ગુનો નથી. (૬) ડિપ્રેશનની બીમારી કોઈને પણ થઈ શકે છે. (૭) સારવારથી નોંધપાત્ર હકારાત્મક પરિણામો મળે છે. વ્યક્તિ પૂર્વવત પ્રમાણે ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે. (૮) કુટુંબ તથા સમાજે હકારાત્મક વલણ અપનાવવું જરૂરી છે.

ડૉ. દીપ્તિ ગડા (શાહ)એ ડૉ. મણિલાલ ગડાનો પરિચય આપ્યો હતો. ડૉ. દિવ્યેશ વીસરિયાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પ્રમુખ ડૉ. મંજુલા શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. મંત્રી ડૉ. મણિલાલ સાવલાએ આભારવિધિ કરી હતી.

સંશોધન

# રણસરોવરનો પ્રોજેક્ટ એ કોઈ નવું સંશોધન નથી



શશીકાંત ઠક્કર

કચ્છના રણમાં મીઠા પાણીનું સરોવર બનાવવા માટેની યોજનાની રૂપરેખા મોરબીના ઓરેવા-અજંતા ગ્રુપના ચેરમેન દ્વારા વડાપ્રધાનના કાર્યાલયને રજૂ કરવામાં આવતાં વડાપ્રધાને તેના રિસર્ચ માટે લીલી ઝંડી આપી હોવાના સમાચાર ૧૬-૧૭ ફેબ્રુઆરીના માધ્યમો દ્વારા પ્રકાશિત થયા છે. કચ્છના રણમાં મીઠા પાણીનું સરોવર રચાય તો તેથી મીઠું પકવવાના બદલે ખેતી થશે અને આ પ્રોજેક્ટનો ખર્ચ રૂપિયા સો કરોડ થશે તેવું પણ સમાચારોમાં જણાવાયું છે. આ અંગેનું સંશોધન ઉક્ત કંપની દ્વારા કરાવાયું છે તેવું પણ તેમાં જણાવવામાં આવ્યું છે.

મારી જાણકારી મુજબ આ યોજનાની રૂપરેખા સૌ પ્રથમ સન ૧૯૭૦ માં ડૉ. અમૃત વસંત પંડ્યા દ્વારા "કચ્છ અને તેનું પુનરુત્થાન" એ મથાળા હેઠળ લખાયેલ લેખમાં આપવામાં આવી હતી. તેના કેટલાક અંશો અક્ષરસઃ અત્રે આપ્યા છે.

"કચ્છનો પૂર્વ ભાગ વાગડ પ્રચંડ રણની આસપાસના જિલ્લાઓ જેવા કે બનાસકાંઠા, મહેસાણા અને સુરેન્દ્રનગરમાં વારસાદનું પ્રમાણ અનુક્રમે ૧૫ (રાપર), ૧૯(રાધનપુર), ૨૧ (માંડલ) અને ૧૯(ધાંગ્રધા) ઇંચ છે. એમાં વહેતી નદીઓ નાની હોવાથી પૂરતી સિંચાઈની ક્ષમતા ધરાવતા વિસ્તારો પાસે જેટલી ખેડાણ લાયક પડતર જમીન છે તે વૈજ્ઞાનિક રીતે ખેડી શકાય એટલું પાણી વરસાદ કે સિંચાઈ વડે અહીં કદી પણ મળી શકે તેમ નથી. વળી રણના ખારને પવન પાથર્યા કરે છે. એથી એની નદીઓના નીચાણમાં પાણી અને જમીનમાં ખાર ક્યારનાય પેસી ચૂક્યા છે. અને એ બધું ધોવાઈ શકાય એટલું પાણી અહીં ભાગ્યેજ કોઈ દહાડે મળી શકે. આ વિષમ પરિસ્થિતિનો વિજ્ઞાન પાસે કોઈ તોડ છે ખરો?"

"હા, છે! અને તે છે લગભગ ૯૦૦૦ ચો. માઈલનો વિસ્તાર ધરાવતા કચ્છના રણને કે જે અગાઉ દરિયો હતો તેમાં પાણી ભરી દઈ તેને સરોવરમાં પલટી નાખવું. એનું પરિણામ એ આવશે કે નૈઋત્યના જુન-જુલાઈ-ઓગસ્ટના વરસાદના ભેજ ધરાવતા મોનસુન પવનો જે વિસ્તાર પરથી કોરેકોરા પસાર થઈ જાય છે તેમને આ કૃત્રિમ સરોવરની સપાટીની ઠંડક આકર્ષશે અને તેથી રણ ઉપર અને તેની આજુબાજુ એટલે કચ્છ, બનાસકાંઠા, મહેસાણા, સુરેન્દ્રનગર વગેરે જિલ્લાઓ અને બીજા વિસ્તારોમાં હાલ જે ૧૩ થી માંડીને ૧૯ ઇંચ સુધીનો વરસાદ પડે છે તેનું પ્રમાણ વધી જશે અને આ રીતે આ વિસ્તારોનો પાણીનો પ્રશ્ન સહેલાઈથી અને ઓછા ખર્ચે અને કંઈક જલ્દી ઉકલી જાય તેમ છે."

"આ વાત હસી કાઢવા જેવી એકેડેમિક એટલે કે પોથી માંહેના રીંગણા જેવી નથી" એમ જણાવીને ડૉ. પંડ્યાએ ભુતકાળના કેટલાક તથ્યો, મોહેં-જો-ડેરોની અને લોથલની વસાહતો વગેરેના સંદર્ભ ટાંકી વનસ્પતિ પટા અને વરસાદી પ્રક્રિયાનું વિગતે વર્ણન કરી જણાવ્યું છે કે "સિંધ અને રાજસ્થાનમાં હાલ જે થરનું રણ છે એની રચના કચ્છનો સમુદ્ર છે જે તબક્કાવાર સુકાતો ગયો તેને વધુ આભારી છે. આબુનો પર્વત લગભગ સુકા રણ વચ્ચે ઉભો છે ત્યાં ૬૦ ઇંચ જેટલો વરસાદ પડે છે જે કોઈકવાર ૧૦૦ ઇંચ જેટલો પણ વરસી જાય છે જ્યારે એની બંને બાજુએ પાલનપુર ખાતે ૨૩ અને શીરોઈમાં ૨૧ ઇંચ થાય છે. એનો અર્થ એ થયો કે કચ્છના તપાતા રણ પરથી જે મોનસુનના વાદળો પસાર થાય છે તે વરસાદના ભેજથી ભરચક હોય છે અને આ વરસાદ કચ્છ કે ઉત્તર ગુજરાતમાં ખૂબ ઠલવાય તેના માટે ત્રણ વસ્તુઓ જોઈએ. ઊંચી પર્વતમાળા, સઘન જંગલ અગર વિશાળ જલ સપાટી પછી તે સરોવર રૂપે હોય કે કોઈ દરિયાની પાંખ રૂપે હોય; તેના પાણી મીઠા હોય કે ખારા હોય એ સવાલ નથી."

વન મહોત્સવથી વરસાદ ખેંચાશે એ પદ્ધતિથી નિષ્ફળતાની વિગતો આપ્યા પછી ડૉ. પંડ્યાએ એશિયામાં અરબી સમુદ્ર અને કાસ્પિયન સમુદ્રની વિસ્તૃત જળ રાશિના કારણે વરસાદના પ્રમાણમાં વધારો થયો છે તેનો ઉલ્લેખ કરી જણાવ્યું છે કે "એટલે કચ્છના રણને એક આંતરદેશી સરોવરમાં ફેરવી નાંખવાથી કચ્છના અને સવિશેષે ઉત્તર ગુજરાતમાં વરસાદનું પ્રમાણ વધી પડશે. આજ કારણસર અગાઉ વરસાદ વધારે પડતો જ હતો તેના માટે તવારીખની સાક્ષીઓ આપણી સામે પડી છે એટલે આ પ્રક્રિયાનું પુનરાવર્તન નહીં થાય તેમ માનવા કશું કારણ નથી."

ડૉ. પંડ્યાએ રણ સરોવરથી થનારા પાંચ પ્રકારના લાભોની પણ વિસ્તૃત ચર્ચા કરી છે અને આ માટે એક તપાસ સમિતિ રચવાની પણ ભલામણ કરી છે. તે ઉપરાંત રણમાં ક્યાં ક્યાં કેવા બંધ બાંધવા તે અંગે પણ સાઠેક ફુટની ઉંચાઈવાળા ત્રણેક બંધોની જરૂરિયાત બતાવી છે અને રણના મુખ પ્રદેશે સ્લુશ (દરવાજા) વાળો બંધ બાંધવાની પણ હિમાયત કરી છે.

આ અંગે કેટલાક ટેકનિકલ સંશોધનો પણ થયા છે. તેમાં (૧) એફ.એ.ઓ.ટીમ દ્વારા નાના રણના રેક્લેમેશન અંગેનો રિપોર્ટ નં. ૧૯૯૦ (સને ૧૯૬૫) નો, (૨) નવેમ્બર ૧૯૬૬ નો મોટા રણનો રેક્લેમેશનનો ખીમચંદાણીનો ભારત સરકારનો રિપોર્ટ, (૩) ડૉ. સત્ય નારાયણનો ૧૯૫૫ નો નાના રણની જીયોલોજી પરનો રિપોર્ટ અને (૪) ૧૯૫૪નો તેમનો જ રણની જમીન અંગેનો રિપોર્ટ વગેરે રિપોર્ટોમાં ઘણા સંશોધનોની વિગતો અપાઈ છે. આ હકીકતોની વિગતો આ લખનારે બન્ની ક્ષાર નિવારણ કમિટીના સભ્ય તરીકે રજૂ કરેલી. જે સરકારને સુપ્રત થયેલ છેવટના રિપોર્ટમાં સમાવિષ્ટ પણ કરવામાં આવી છે. એટલું જ નહીં પણ મારા "શશિ કિરણે કચ્છ" નામક સને ૨૦૦૩ માં પ્રકાશિત થયેલ પુસ્તકના પાના-૩૫૫ પર પણ રણ સરોવરની યોજના હાથ ન ધરાઈ હોવાની નુકતેચીની કરી છે.

આમ, આ પ્રોજેક્ટ કંઈ નવો નથી પરંતુ કચ્છમાં સામાન્ય પ્રથા થઈ ગઈ છે કે અન્ય લોકોની મહેનતનો યશ ખાટવા બધા આગળ આવે પણ જેમણે મૂળભૂત રીતે મહેનત કરી હોય તેનો ઉલ્લેખ સરખો પણ ન થાય. આપણા સફેદપોશ નેતાઓની આ માનસિકતા તેઓ "અભ્યાસુ" હોવાનો માહોલ ઊભો કરવામાં સફળતા મેળવતી હોવાથી આ રોગ હવે ઉદ્યોગો અને કંપનીઓના મહાનુભાવોમાં પણ પ્રવેશ્યો છે તેમ જણાય છે. **ખેર, તે રીતે પણ કચ્છના હિતમાં કોઈ સારું કામ થતું હોય તો તેને વધાવીએ!!!**

*ઉપપ્રમુખ,*

*કચ્છ ડેવલોપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ*

## ક્ષતિ સુધાર

"કચ્છશ્રુતિ"ના ગત અંકના પાના નં.-૬૪ ઉપર "અને રાજીવ ગાંધીના જોડીદાર પક્ષોના ટેકેદારો" મથાળા હેઠળ વિગતમાં **"ખ્યાતિ"**ના બદલે "કુખ્યાતિ" સરતચૂકથી શબ્દ પ્રયોગ થયો છે. કોઈની માનહાનિ કરવાના ઈરાદાથી તે શબ્દનો પ્રયોગ થયો નથી. આ સ્પષ્ટતા બાદ વાચક વર્ગે સંબંધિત વિગત યોગ્ય સ્વરૂપે વંચાણમાં લેવી.

*– તંત્રી મંડળ*

## રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'કચ્છશ્રુતિ' અંગેની માહિતી ફોર્મ-૪, રૂલ-૮


| | |
|---|---|
| **પ્રકાશનનું સ્થળ** | : અમદાવાદ |
| **પ્રકાશનનો ગાળો** | : માસિક |
| **મુદ્રકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા<br>પ્રમુખ - શ્રી કચ્છી સમાજ<br>અમદાવાદ |
| **મુદ્રકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **મુદ્રક સ્થાન** | : વિનાયક ઓફસેટ<br>દૂધેશ્વર, અમદાવાદ. |
| **પ્રકાશકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા<br>પ્રમુખ - શ્રી કચ્છી સમાજ<br>અમદાવાદ |
| **પ્રકાશકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **પ્રકાશકનું સરનામું** | : શ્રી કચ્છી સમાજ કાર્યાલય<br>૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |
| **સંપાદકનું નામ** | : અશોકકુમાર સાકરચંદ મહેતા |
| **સંપાદકની રાષ્ટ્રીયતા** | : ભારતીય |
| **સંપાદકનું સરનામુ** | : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |
| **મેગેઝિન/અખબારની માલિકી** | : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ |
| **સરનામું** | : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,<br>કોચરબ આશ્રમની સામે,<br>એલિસબ્રિજ, અમદાવાદ. |

*હું અશોકકુમાર સાકરચંદ મહેતા, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચી છે.*

અમદાવાદ **અશોકકુમાર સાકરચંદ મહેતા**

*તા. ૧૦-૩-૨૦૧૮* **પ્રકાશક અને મુદ્રક - 'કચ્છશ્રુતિ'**

ન્યૂઝ ચેનલ

# વિવિધ સમાચારો – સંક્ષિપ્તમાં

## મુંબઈ સ્થિત કચ્છીઓના અદ્‌ભુત સમાચાર

ભારતભરમાં વ્યાપાર ક્ષેત્રે છેલ્લા કેટલાય વર્ષોથી મંદીનું વાતાવરણ ચાલી રહેલ છે અને તેમાં પણ નોટબંધી અને GST પછી આ પરિસ્થિતિમાં સારો એવો વધારો થયેલ છે.

આ પ્રકારના માહોલની વચ્ચે મુંબઈના શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનના સ્થાપક ટ્રસ્ટી શ્રી દીપકભાઈ ભેદા (મોખા - મુલુંડ)ના સુપુત્ર તથા તેમના ભાઈ શ્રી ગિરીશભાઈ ભેદાના સુપુત્રના લગ્ન યોજવામાં આવેલ હતા.

વક-કન્યાને ચોરીમાં આવવાને હજુ થોડી વાર હતી અને બધા જાનૈયાઓ હળવા મજાક મુડમાં વાતો કરી રહ્યા હતા ત્યારે શ્રી કચ્છી સમાજના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીએ શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશનની 'સ્વમાન આવાસ યોજના'ના ફંડ માટે ટહેલ નાખી, કે જેણે જોતજોતામાં આખું વાતાવરણ જ બદલી નાખ્યું. માત્ર હળવાશમાં કરવામાં આવેલ વાતનો એટલો સુંદર સાથ-સહકાર મળ્યો કે અડધા કલાકના અંતે લોકો દંગ થઈ જાય તેવા આંકડાઓથી આ લિસ્ટ છલકાઈ ગયું.

વ્યવસાયિક સાનુકૂળ પરિસ્થિતિ ન હોવા છતાં મુંબઈ સ્થિત પોતાના કચ્છી ભાંડરુઓ સ્વયં પોતાના મકાનમાં રહેવા જાય તે લાગણી અને દિલેરીએ આ લગ્નના માહોલમાં રંગ રાખી દીધો.

માત્ર અડધા કલાકમાં જ દાનની જે સરવાણી વહેવા લાગી તેની વિગતો વાંચકની જાણ માટે અત્રે મૂકવામાં આવે છે. મુંબઈ સિવાયના ભારતભરના અન્ય શહેરોમાં વસવાટ કરતા સક્ષમ અને દિલેર દિલ કચ્છીઓ પાસેથી પણ આવી જ અપેક્ષા રાખવામાં આવે છે.

| | | |
|---|---|---|
| • શ્રી વિજયભાઈ છેડા | રૂા. | ૫.૫૫ કરોડ |
| • શ્રી દીપકભાઈ ભેદા તથા શ્રી ગિરીશભાઈ ભેદા | રૂા. | ૫.૫૫ કરોડ |
| • શ્રી વિજયભાઈ છેડા (USA ગ્રુપ) | રૂા. | ૫.૫૫ કરોડ |
| • માતુશ્રી ધનવંતીબેન ગોગરી (શ્રી ચંદ્રકાંત ગોગરી) | રૂા. | ૫.૫૫ કરોડ |
| • શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ | રૂા. | ૧.૦૮ કરોડ |
| • CA નવીનભાઈ શાહ | રૂા. | ૧.૦૮ કરોડ |
| • શ્રી રમેશભાઈ ધરોડ | રૂા. | ૧.૦૮ કરોડ |
| • શ્રી વિશનજીભાઈ મારૂ તથા શ્રી મણિલાલભાઈ મારૂ | રૂા. | ૧.૦૮ કરોડ |
| • ઍડવોકેટ અનિલ ગાલા | રૂા. | ૫૫ લાખ |
| • શ્રી કિશોરભાઈ સાવલા | રૂા. | ૫૫ લાખ |
| • શ્રી હરેશ છેડા | રૂા. | ૫૫ લાખ |
| • શ્રી શાંતિલાલભાઈ મારૂ | રૂા. | ૫૫ લાખ |
| • શ્રી મૂલચંદભાઈ ગંગર | રૂા. | ૫૫ લાખ |
| • શ્રી હસમુખભાઈ ગોગરી | રૂા. | ૫૫ લાખ |
| • શ્રી હસમુખભાઈ - અંબરનાથ | રૂા. | ૫૫ લાખ |
| • શ્રી અજય આશર | રૂા. | ૫૫ લાખ |
| • શ્રી નેમજીભાઈ ગંગર | રૂા. | ૫૫ લાખ |
| • છેડા સ્ટોર્સ | રૂા. | ૫૫ લાખ |
| • શ્રી પીયૂષ સાવલા | રૂા. | ૨૫ લાખ |
| • શ્રી પ્રવીણભાઈ નંદુ | રૂા. | ૨૫ લાખ |
| • શ્રી ડી.કે. પટેલ | રૂા. | ૨૫ લાખ |
| • શ્રી પરેશભાઈ | રૂા. | ૧૫ લાખ |
| • શ્રી વિનેશભાઈ મામણિયા | રૂા. | ૧૧ લાખ |
| • CA ટીમ | રૂા. | ૧૧ લાખ |
| • શ્રી નેમિદાસ ગાલા (કેતન નાગડા) | રૂા. | ૧૧ લાખ |
| • શ્રી અનિસ | રૂા. | ૧૧ લાખ |
| *કુલ* | *રૂા.* | *૩૩.૫૭ કરોડ* |

***એક ઉમદા કાર્ય માટે દાનની સરવાણી વહેવડાવવા બદલ દરેક ઉદાર દિલ દાતાને અને જેમણે લાંબી દૃષ્ટિ દોડાવી, આ આયોજન ગોઠવ્યું તે સૌને ખૂબ ખૂબ અભિનંદન.***

## કચ્છમાં "સ્માર્ટ વિલેજ"ની કામગીરી શરૂ

ગ્લોબલ નેટવર્કના સ્થાપક શ્રી જગત શાહ દ્વારા અમેરિકામાં "મેન્ટર ઓન રોડ પ્રકલ્પ" દરમિયાન અમેરિકાની એન.આર.આઈ. કોમ્યુનિટી દ્વારા પોતાની જન્મભૂમિ માટે કાંઈક કરી છૂટવાની લાગણી દર્શાવવામાં આવી હતી.

અમેરિકા સ્થિત બિનનિવાસી ભારતીયો દ્વારા યોગ્ય માર્ગદર્શનના અભાવે નક્કર કામગીરી નહીં થતી હોવાનું જણાવવામાં આવતાં તેમની સમક્ષ "સ્માર્ટ વિલેજ ઇન વન થાઉઝન્ડ ડેઝ" પ્રોજેક્ટ મૂકવામાં આવ્યો હતો કે જેને સબળ પ્રતિસાદ આપીને ગુજરાતના ૧૨ ગામ સહિત દેશના ૬૧ ગામોના વિકાસની યોજનાઓ એન.આર.આઈ. દ્વારા દત્તક લેવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત પ્રથમ તબક્કામાં મૂળ કુંદરોડીના પરંતુ

કેલિફોર્નિયા સ્થિત કચ્છી વિજયભાઈ છેડા દ્વારા મુંદ્રા તાલુકાના કુંદરોડી ગામને દત્તક લેવામાં આવ્યું હતું અને હાલે શ્રી વિજયભાઈ છેડાની કર્મભૂમિ બિદડા હોવાથી બિદડા ગામને પણ દત્તક લેવાના ચક્રો ગતિમાન કરી દેવામાં આવેલ હતા.

બિદડા સર્વોદય હોસ્પિટલના ૪૪મા મેડિકલ કેમ્પના પ્રારંભ સમયે જગત શાહ દ્વારા સ્માર્ટ વિલેજ પ્રોજેક્ટ અંગે અગ્રણીઓને જાણકારી આપવામાં આવતા રાયણ ગામ માટે નવનીત પરિવાર તથા બિદડા ગામ માટે મુંબઈ સ્થિત શરદભાઈ રાંભિયાએ દત્તક લેવાની તૈયારી દર્શાવેલ હતી. રાયણ તથા બિદડા ગામ માટે પ્રથમ તબક્કાની કામગીરી આગામી દિવસોમાં શરૂ કરવામાં આવનાર છે.

આ ગામોની મુલાકાતમાં ગામની મુખ્ય સમસ્યાઓમાં જરૂરી હોસ્પિટલની સગવડતા, અપૂરતી સાફસફાઈ, ગામની શાળામાં શિક્ષકોની ઘટ, બિસ્માર માર્ગો, રોજગારી તથા એસ.ટી. બસોની સગવડતા વગેરે મુખ્ય હતા.

આગામી દિવસોમાં આ અંગે નક્કર કામગીરી શરૂ કરી, આવતા ૧૦૦૦ દિવસમાં આ બધી સમસ્યાઓના ઉકેલ કરી, ગામને સ્માર્ટ વિલેજ બનાવવાની દાતાઓએ જાહેરાત કરેલ હતી.

આ કાર્યક્રમમાં શ્રી જગતભાઈ શાહ, શ્રી વિજયભાઈ છેડા, શ્રી દામજીભાઈ એન્કરવાલા, શ્રી શરદભાઈ રાંભિયા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહેલ હતા.

## ભારતની જનતાની આરોગ્યની પરિસ્થિતિ

ભારતમાં દર એક મિનિટે પાંચ વર્ષથી નાની વયના બે બાળકો મૃત્યુ પામે છે. બાળ મરણની બાબતમાં ઇન્ડોનેશિયા અને દક્ષિણ આફ્રિકા જેવા દેશો કરતાયે ભારતમાં એનું પ્રમાણ વધારે છે.

*ભારતમાં –*

- સરેરાશ ૧૦૧૮૯ લોકો દીઠ માત્ર એક સરકારી ડૉક્ટર છે.
- ૨૦૪૬ દર્દી દીઠ માત્ર એક પથારી છે.
- ૯૦૩૪૩ લોકોના સ્વાસ્થ્યની રખેવાળી માટે માત્ર એક જ સરકારી હોસ્પિટલ છે.
- દેશના ગવર્નમેન્ટ પ્રાઈમરી હેલ્થ સેન્ટરોમાં ૧૮ ટકા હેલ્થ સેન્ટરોમાં કોઈ ડૉક્ટર જ નથી.
- વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ પ્રમાણે ભારતના ગામડાંઓમાં પાંચમાંથી માત્ર એક જ ડૉક્ટર જરૂરી ડિગ્રી ધરાવે છે.
- ૩૧ ટકા ડૉક્ટરો તો ફક્ત બારમા ધોરણ સુધી ભણેલા છે અને ગામડાંમાં સારવાર આપતા ૫૩ ટકા ડૉક્ટરો પાસે યોગ્ય મેડિકલ પદવી નથી.

ભારત દેશની જનતાના આરોગ્યની આવી દશા માટે દિશાશૂન્ય નેતાગીરીને જ જવાબદાર ઠેરવી શકાય.

આ પરિસ્થિતિમાં જવાબદાર સામાજિક સંસ્થાઓ પોતાનું દાયિત્વ સમજી, જે કાર્ય કરે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

KCI **KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

**• FACTORY •**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110
**• RESIDENCE •**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall, Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

Splendid
**P & G Enterprise**
*Kitchenware, Household Products & Corporate Gifts*
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
**(M) : 9106682565, 9724932540**
**E-mail : pandgenterprise@gmail.com**
**• PACKED & MARKETED BY •**
**P & G Enterprise**
Sundha Estate, Sarkhej, Ahmedabad.
**M. : 91066 82565**

વિવિધતા

# હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃદ્ધિ

## ગેમ : લવ લેટર



ભાવના એ. ઝવેરી

*ઘેલુ ઘૂમે મારું અંતર આનંદમાં*
*ગીતો ગાતું એના મનગમતાં છંદમાં*
*મન મારું નાચે થનક થઈ થઈ*
*આ શબ્દોની સંતાકૂકડી સંગ... સંગ...*

### ગેમ : લવ લેટર

*યે મેરા પ્રેમપત્ર પઢકર, કી તુમ નારાજ ના હોના;*
*કી તુમ મેરી જિંદગી હો, કી તુમ મેરી બંદગી હો...*

**પ્રેમપત્ર**

સાથેના ચોકઠામાં આપેલા ફિલ્મના નામો નીચેના પ્રેમપત્રની ખાલી જગ્યામાં લખી પ્રેમપત્ર પૂરો કરો. એક નામ એક જ વાર વાપરી શકાશે.

| | | |
|---|---|---|
| નયી દિલ્હી | આવાસ | અમર પ્રેમ |
| અનામિકા | મેરી આવાઝ | હકીકત |
| હમ દોનો | દિવાના | જવાબ |
| તીસરી મંઝીલ | કિસ્મત | પ્રેમપત્ર |
| માય લવ | પહેચાન | ઘર એક મંદિર |
| ઈત્તફાક | પરિવાર | સપનોં કી રાની |
| મનમંદિર | રામ-લખન | એરાઉન્ડ ધ વર્લ્ડ |
| જિંદગી | લાખોંમેં એક | ઘર બસા કે દેખો |
| હનીમૂન | નૌ દો ગ્યારહ | કાશ્મીર કી કલી |
| બંદગી | મન કા મીત | બોમ્બે ટુ ગોવા |
| તલાશ | આરાધના | |
| નિકાહ | પ્રેમપૂજારી | |

*તારીખ :*
*નામ :*
*સરનામું :*

*મારી પ્યારી* _______________

_______________ લખવાનો મારો આ પહેલો પ્રયત્ન છે. આ પત્ર થકી હું તને મારી _______ કરાવું છું. થોડાં વરસો પહેલાં _______ બસમાં _______ જઈ રહ્યો હતો. તમે મને _______ અથવા _______ કહો, કંઈ વાંધો નહીં. અમે તો તમારા _______ છીએ. એટલે જ મારી _______ કે મારી _______ બની જાવ અને મારી _______ માં આવી જાવ. અહીં તમે આને _______ સમજો કે _______ હું તો તમને કહીશ કે મારી સાથે _______ તમે ખરેખર _______ છો. માની લો કે મારા દિલને તમારી _______ હતી. તમે _______ સાંભળો અને _______ માટે તૈયાર થઈ જાવ. લગ્ન પછી _______ માટે _______ જઈશું. એમાં શરમાવા કે ગભરાવા જેવું શું છે? આપણા _______ માં ફક્ત બે જ બાળકો હશે. જેના નામ _______ હશે. તમને પામીને હું માનીશ કે મારી _______ સફળ થઈ છે અને આપણું _______ બનશે તથા આપણો પ્રેમ _______ કહેવાશે. _______ ની રાહ જોઉં છું.

*લિ. તમારો*

_______________

*(જવાબ આ જ અંકમાં અન્યત્ર આપેલ છે.)*

### અમદાવાદની ક્યારે કેટલી વસતિ?

| વર્ષ | વસતિ | વર્ષ | વસતિ |
|---|---|---|---|
| ૧૮૭૧ | ૧,૧૬,૯૦૦ | ૧૮૭૧ | ૧,૧૬,૯૦૦ |
| ૧૯૦૧ | ૧,૮૫,૯૦૦ | ૧૯૬૧ | ૧૧,૪૯,૯૦૦ |
| ૧૯૧૧ | ૨,૧૬,૮૦૦ | ૧૯૭૧ | ૧૯,૫૦,૦૦૦ |
| ૧૯૨૧ | ૨,૭૦,૦૦૦ | ૧૯૮૧ | ૨૫,૧૫,૨૦૦ |
| ૧૯૩૧ | ૩,૧૩,૮૦૦ | ૧૯૯૧ | ૩૩,૧૨,૨૦૦ |
| ૧૯૪૧ | ૫,૯૫,૨૦૦ | ૨૦૦૧ | ૪૫,૨૫,૦૧૩ |
| ૧૯૫૧ | ૭,૮૮,૩૦૦ | ૨૦૧૧ | ૫૬,૩૩,૯૨૭ |

### અમદાવાદ : ક્યા ધર્મના કેટલા લોકો વસે છે?

| ધર્મ | વસતિ (%માં) |
|---|---|
| • હિંદુ | ૮૧.૫૬% |
| • ઈસ્લામ | ૧૩.૫૧% |
| • જૈન | ૩.૬૨% |
| • ક્રિશ્ચિયન | ૦.૮૫% |
| • શીખ | ૦.૨૪% |

*(૨૦૧૧ની વસતિ ગણતરી અનુસાર)*

# શબ્દ શોધ : ૭૦

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ■ | ■ | ૩ | | | |
| ૪ | | ૫ | ૬ | ■ | | ■ | ■ | ■ |
| ■ | ૭ | | | ■ | ■ | ■ | ૮ | ■ |
| ■ | | ■ | ■ | ■ | ૯ | ૧૦ | | ■ |
| ■ | ૧૧ | ૧૨ | ૧૩ | ■ | ૧૪ | | | ■ |
| ■ | ૧૫ | | | ■ | ૧૬ | | ■ | ૧૭ |
| ■ | ■ | ■ | ■ | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | ૨૦ | | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | |
| ૨૪ | | ■ | ૨૫ | | | | ■ | ■ |

## આડી ચાવીઓ

૧. સેવક, ચાકર (૨)
૩. શિવ મંદિર (૪)
૫. શંકર ભગવાન (૪)
૭. ગ્રીક દેશનો પ્રાચીન વતની (૩)
૯. સૌરભ, સુગંધ (૩)
૧૧. જીભ (૩)
૧૪. એક ધાન્ય (૩)
૧૫. સોનું (૩)
૧૬. ઘા, હુમલો (૨)
૧૮. બીજું, અન્ય (૨)
૧૯. દરિયો (૫)
૨૩. ગણેશજીના જનની (૩)
૨૪. સોગંદ (૨)
૨૫. હિજરી સનનો નવમો મહિનો (૪)

## ઊભી ચાવીઓ

૧. કિંમત, મૂલ્ય (૨)
૨. મદદ કરનારું (૬)
૩. શંકર ભગવાન, શંભુ (૨)
૫. ઈશ્વર, પરમાત્મા (૨)
૬. જંગલ (૨)
૮. આખા ગામને લગતું (૩)
૯. સપ્તાહનો પ્રથમ દિવસ (૪)
૧૦. વાઘ, સિંહ વગેરેની ડણક (૩)
૧૨. સૂર્યનું અંગ્રેજી (૨)
૧૩. ચશ્મા પહેરવામાં આ અંગ ઉપયોગી બને છે (૨)
૧૭. મૈં તો ______ ઉતારું રે સંતોષી માતાકી (૩)
૧૮. ઉત્સવ (૨)
૧૯. ઘણું, પુષ્કળ (૨)
૨૦. હિંમત (૨)
૨૧. ફળો વગેરેનો માવો (૨)
૨૨. એક દારૂ (૨)
૨૩. "કેવું ______ ખાશો?" "સાદું કે મસાલાવાળું?" (૨)

## શબ્દશોધ : ૬૯નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ■ | દ | ગ | લ | બા | જ | ■ | સ | જા |
| આ | શા | ■ | ર | ■ | મ | ■ | વા | ત |
| ળ | ■ | વિ | જ | ય | રૂ | પા | ણી | ■ |
| સુ | વિ | ધા | ■ | વ | ખ | ત | ■ | ધ |
| ■ | ■ | ન | ય | ન | ■ | ર | મ | ણી |
| લ | ત | સ | મ | ■ | અ | ■ | હા | ■ |
| ■ | રં | ભા | ■ | ■ | વ | ર | સા | દ |
| સં | ગ | ■ | સ | હ | સા | ■ | ગ | ર |
| પ | ■ | હ | ત્યા | ■ | ન | દા | ર | દ |

## શબ્દ શોધ : ૬૭થી ૬૯નો ઉકેલ મોકલાવનારના નામ

- રાધિકા અશોકભાઈ મહેતા - ભુજ
- અશોક એન. મહેતા - ભુજ
- રશ્મિ એસ. સાવલા - ભુજ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- જીગરભાઈ આર. દોશી - માધાપર
- નીલેશ વી. શાહ - ભુજ
- વસંતબેન વી. ગોર - ગાંધીધામ
- દિલીપ કે. શાહ - ભુજ

*જો તમે ૧૧૧,૧૧૧,૧૧૧ ને*
*૧૧૧,૧૧૧,૧૧૧થી ગુણશો તો*
*જવાબ ૧૨૩૪૫૬૭૮૯૮૭૬૫૪૩૨૧ આવશે.*

*With Best Compliments From*

***Exclusive Business Partner***

Lyson® DIGITAL INKJET INKS

aryan™

Aryan Trade World Pvt. Ltd.

**Mahesh Majithiya**
**+91 98 79 65 34 32**

**Vinit Majithiya**
**+91 98 25 72 11 43**

imagem

PRINT YOUR IMAGINATIONS...

# Imagem Print Solutions

**Ink, Toner Powder, Blades & Other Cartridge Parts,**
**Teflon Sleeves, Pressure Roller & Other Printer Parts,**
**Wide range of Compatible Toner & Ink Cartridges**

B/907, Fairdeal House, Opp. Jain Dairy,
Swastik Cross Road, Navnragpura, Ahmedabad-380 009.
**Ph. : (079) 66314291 ● E-mail : mailtoimagem@gmail.com**

# અન્ય સંસ્થાઓના સમાચાર

## અમદાવાદમાં શ્રી એલિસબ્રિજ સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત ચમનલાલ ઉમેદચંદ શેઠ પાટડીવાળા જૈન ઉપાશ્રય - પાલડીના ઉપક્રમે વૈરાગી વિરતીબેનનો ભગવતી દીક્ષા મહોત્સવ ભવ્ય રીતે સંપન્ન થયો

આજના કોમ્પ્યુટર, મોબાઇલ ફોન અને રોબોટના યુગમાં વિલાસી વાતાવરણની વચ્ચે, યૌવનના આંગણે પ્રવેશતા જ અસાર સંસારને અલવિદા કરવી, પુરુષાર્થના પવનથી કર્મવાદને વિખેરવા, પરમેશ્વરી પ્રવજ્યાના પંથે પ્રયાણ કરવું... કેટલું વિકટ... કેટલું કઠિન કાર્ય?!

ખંભાત સંપ્રદાયના આચાર્ય પૂ.શ્રી નવીનઋષિજી મ.સા. તથા પરમ પુણ્યશાળી પૂ. વસુબાઈ મ.સ. આદિ ઠાણાની નિશ્રામાં, વિરમગામ નિવાસી શ્રી ભૂપેન્દ્રભાઈની કુલદીપિકા ૨૪ વર્ષીય વૈરાગી વિરતીબેનનો ભગવતી દીક્ષા મહોત્સવ શ્રી એલિસબ્રિજ સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત ચમનલાલ ઉમેદચંદ શેઠ પાટડીવાળા જૈન ઉપાશ્રય, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદના આંગણે શનિવાર, તા. ૨૭-૧-૨૦૧૮ના રોજ ખૂબ જ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો હતો. દીક્ષા અવસરે સ્થાનકવાસીના વિવિધ સંપ્રદાયના ૮૪ જેટલા પૂ. સાધુ-સાધ્વીજીઓ બિરાજમાન હતા. દીક્ષા વિધિ બાદ નૂતન દીક્ષાર્થીનું નામ વિરાંગના મ.સ. જાહેર કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દીક્ષાર્થીનો સન્માન સમારોહ તા. ૨૬-૧-૨૦૧૮ના રોજ ઉપરોક્ત ઉપાશ્રય મધ્યે યોજવામાં આવ્યો હતો. દીક્ષાના દિવસે અનેક મહાનુભાવો, સ્થાનિક તથા વિરમગામ સ્થિત વિવિધ સંઘના હોદ્દેદારો, સમાજના અગ્રણીઓ, દીક્ષાર્થીના પરિવારજનો તેમજ સકળ સંઘનો વિશાળ સમુદાયે રિવરફ્રન્ટની બાજુમાં દીક્ષા સમયે ઉપસ્થિત રહીને આ ભવ્ય પ્રસંગનો લાભ લીધો હતો. આ અવસરે તેમજ સન્માન સમારોહના સમયે દીક્ષાર્થીએ પોતાના સદ્‌ગુરુ વૃંદ, સ્થાનિક સંઘ, દાદા-દાદી તથા પિતા-માતુશ્રી અને સમગ્ર પરિવારજનોને ઉદ્દેશીને, પોતાના જીવનમાં પરિવર્તન આણવા અને ધર્મ સંસ્કારના સિંચનની વાત કરીને સર્વેની ભાવપૂર્ણ અનુમોદના કરી હતી. પોતાના માતા-પિતા પ્રતિ જણાવ્યું કે, "આપે મારા જન્મ બાદ પાલન-પોષણ અને અભ્યાસ આદિ દ્વારા મારા પર લૌકિક ઉપકાર કર્યો છે. તે ઉપરાંત, ધાર્મિક સંસ્કારો આપી મહાન ઉપકાર કર્યો છે. આપના એ સુસંસ્કારોથી અંતરમાં પ્રગટ્યો ત્યાગનો અનુરાગ! હું દીક્ષા અંગીકાર કરું, સંયમના માર્ગે આગળ વધુ તેવી મારા અંતરની આરઝુને આપે અનુમતિ આપી, તે માટે આપનું ઋણ ચીરસ્મરણીય બનશે."

વધુમાં વિરમગામ અને અમદાવાદ એલિસબ્રિજ ઉપાશ્રય સંઘે દીક્ષા અંગીકાર કરવા સંબંધી દરેક વ્યવસ્થા કરવા બદલ તેમણે ખાસ આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં, દરેકના અમીભર્યા આશિષ પોતાના જીવનનો અભિષેક બની રહેશે તેવી ભાવના ભાવી હતી.

ઉપરોક્ત અમૂલ્ય અવસર નિમિત્તે શ્રી એલિસબ્રિજ સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા સાધુ-સાધ્વીજીના પ્રેરણાત્મક વ્યાખ્યાન, સાંગી, માળારોપણ વિધિ, દીક્ષાર્થીને ઉપકરણ અર્પણ, સ્વસ્તિક વિધિ, સાકરતુલા વિધિ, ધાર્મિક જ્ઞાન-ગમ્મત, શોભાયાત્રા, વર્ષીદાન, મહાભિનિષ્ક્રમણ અને સ્વામિવાત્સલ્ય જેવા વિવિધ કાર્યક્રમોનું તા. ૨૦-૧-૨૦૧૮થી તા. ૨૭-૧-૨૦૧૮ દરમિયાન ખૂબ જ સુંદર રીતે આયોજન થયું હતું. દીક્ષા પ્રસંગે દરેક પ્રકારની વ્યવસ્થા શ્રી એલિસબ્રિજ સંઘની કારોબારી સમિતિના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, જૈન જ્ઞાનશાળાના સંચાલકો, સ્વયંસેવક ભાઈ-બહેનો, યુવા મંડળ, મહિલા મંડળ તેમજ કાર્યાલયના સ્ટાફવર્ગ દ્વારા અતિ સુંદર સ્વરૂપે કરવામાં આવી હતી, જેની દરેકે અનહદ પ્રશંસા કરી હતી. શ્રી એલિસબ્રિજ સ્થાનકવાસી જૈન સંઘના પ્રમુખ શ્રી નીલેશભાઈ પાટડીવાળા, ઉપપ્રમુખ શ્રી ગૌતમભાઈ શાહ તથા કાર્યાધ્યક્ષ મંત્રીશ્રી પદમચંદભાઈ કોઠારીના માર્ગદર્શન હેઠળ તથા સખ્ત પરિશ્રમથી ઉપરોક્ત દીક્ષા મહોત્સવ અતિ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો હતો.

***અહેવાલ પ્રસ્તુતિ : દિનેશ આર. મહેતા***

**પાના નં.-૨૫ ઉપર આપેલ "ગેમ : લવ લેટર"નો જવાબ**

*તારીખ : નૌ દો ગ્યારહ*
*નામ : અનામિકા*
*સરનામું : તીસરી મંઝીલ.*

*મારી પ્યારી : સપનોં કી રાની, માય લવ.*

*પ્રેમપત્ર, પહેચાન, નવી દિલ્હી, બોમ્બે ટુ ગોવા, દિવાના, આવારા, પ્રેમ પૂજારી, કાશ્મીર કી કલી, આરાધના, જિંદગી, ઈત્તફાક, કિસ્મત, ઘર બસા કે દેખો, લાખો મેં એક, તલાશ, હકીકત, નિકાહ, હનીમૂન, એરાઉન્ડ ધ વર્લ્ડ, પરિવાર, રામ-લખન, બંદગી, ઘર એક મંદિર, અમરપ્રેમ, જવાબ.*

*લિ. તમારો*
*મન કા મીત*

# પ્રતિભાવ

## 'કચ્છશ્રુતિ'માં વાંચન સામગ્રી

આપના અંકો નિયમિત મળે છે. ખૂબ ગમે છે. અંકને માવજતથી તૈયાર કરવા બદલ અભિનંદન.

અશોકભાઈના તંત્રીલેખ સમાજને હંમેશાં નવો રાહ દાખવે છે. ફેબ્રુઆરી-૨૦૧૮ના અંકમાં સુસંસ્કૃત સમાજ વિશે આપે લખ્યું તે અનુમોદનીય છે પરંતુ આજના માનવીના મનમાં લોભ, લાલચ, કૂડકપટ, દગો, ઈર્ષ્યા, અદેખાઈ, અહંકાર જેવા આંતરશત્રુઓ કબજો જમાવી બેસી ગયેલા છે ત્યાં સુસંસ્કૃતિ ક્યાંથી સંભવી શકે? હા, જેણે આંતર શત્રુઓને જીતી લીધા છે તે ભૂતકાળમાં પણ ભગવાન સ્વરૂપ થઈ ગયા અને વર્તમાનમાં પણ પૂજવાલાયક ગણી શકાય.

અગાઉના અંકોમાં બુલેટ ટ્રેઈન : સિક્કાની બીજી બાજુ, ગુજરાત વિધાનસભાની ૧૯૯૫ની ચૂંટણીમાં બીજેપીની જીત, જાન્યુઆરી-૨૦૧૮ના અંકમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણીના ચમકારા અને ફેબ્રુઆરી ૨૦૧૮ના અંકમાં ન્યાયતંત્રનું ચીરહરણ વગેરે અભ્યાસપૂર્ણ લેખોના લખનાર કલમના કસબી શ્રી પ્રવીણચંદ્ર શાહને સો સો સલામ.

આ ઉપરાંત સર્વશ્રી મુરજી ગડા, બલવીરસિંહજી જાડેજા તથા અન્ય લેખક મિત્રોને પણ અભિનંદન.

*જેઠાલાલ વી. ગંગર 'મંગલમ્' - ડોંબીવલી (ઇસ્ટ)*
*મો. ૯૮૧૯૧ ૨૯૨૩૫*

## 'કચ્છશ્રુતિ'માં વાંચન સામગ્રી રસપ્રદ અને ઉત્તમ

'કચ્છશ્રુતિ'ના અંકો નિયમિત રીતે મળતા રહે છે. 'કચ્છશ્રુતિ'ના અંકોમાં પ્રગટ થતી વાંચન સામગ્રી રસપ્રદ, માહિતીસભર, કલાત્મક અને ઉત્તમ હોય છે. જે વાંચીને આનંદ થાય છે.

દરેક અંકોમાં વૈવિધ્યસભર કૃતિઓ ચિંતન - મનન કરવા યોગ્ય લેખો, સ્વાસ્થ્ય, હાસ્યરસ સંબંધી લેખો - માહિતી, વિવિધ કાવ્યો, શિરમોર જેવા તંત્રી લેખો વગેરે હોતાં દરેક અંકો સાહિત્યની રીતે અજોડ હોય છે. તથા અન્ય લેખકો દ્વારા રજૂ થતી કલમ પ્રસાદી વાંચીને નિરતિશય આનંદ થાય છે. 'કચ્છશ્રુતિ' વિશેષ વાચક પ્રિય બની પ્રગતિના ઉત્તુંગ શિખર સર કરતું રહે એવી શુભેચ્છાઓ અને શુભ કામના.

*બાબુલાલ ગોર - ભુજ, કચ્છ*
*મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨*

## 'કચ્છશ્રુતિ' માસ ફેબ્રુઆરી-૨૦૧૮નો અંક

'કચ્છશ્રુતિ' ફેબ્રુઆરી-૨૦૧૮માં ન્યાયતંત્ર વિભાગ હેઠળ 'નથી ન્યાયતંત્રનું ચીરહરણ, નથી ક્રાંતિ, બળવો કે નથી બંડ' અંતર્ગત અતિ સુંદર અભ્યાસુ લેખ ભાઈશ્રી પ્રવીણચંદ્ર શાહનો પ્રગટ કરવા બદલ અંતરથી અભિનંદન પાઠવું છું. સુપ્રીમ કોર્ટમાં કેસોની ફાળવણી કઈ પદ્ધતિથી થાય છે, વર્તમાન ગંભીર વાદવિવાદ, જસ્ટીસ કર્ણનનો કેસ, રાકેશ અસ્થાનાનો કેસ, આધાર કાર્ડ કેસ, મર્હુમ જજ લોયાના કેસ આદિની વિગતે છણાવટ પ્રવીણભાઈએ કરી છે. તેમને પુનઃ ધન્યવાદ.

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

## 'કચ્છશ્રુતિ' માસ ફેબ્રુઆરી-૨૦૧૮નો અંક

આ અંક નિરાંતે વાંચતા જણાયું છે કે ડૉ. યાસીન દલાલ લિખિત 'પુસ્તક વિનાનું ઘર, એ આત્મા વિનાના શરીર જેવું છે' એ લેખ, શ્રી પ્રવીણચંદ્ર શાહ દ્વારા આલેખાયેલા 'ન્યાયતંત્રનું ચીરહરણ' એ લેખ તેમજ 'ભૂકંપગ્રસ્ત કચ્છના ઔદ્યોગિક વિકાસે કચ્છે વિશ્વના નકશે સ્થાન અપાવ્યું' એ શ્રી નિમિષ ફડકે અને શ્રી એમ.ડી. શેઠિયા અને પ્રા. જિતેન્દ્ર ના. અંતાણીનો આર્ટિકલ 'કચ્છની તવારીખ : ઐતિહાસિક પશ્ચાદભૂ—૨' લેખો ખૂબ જ ગમ્યા. અન્ય સામગ્રી પણ સરસ છે. સૌ લેખકોને ખૂબ જ અભિનંદન.

*ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' - ભુજ, કચ્છ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

## 'કચ્છશ્રુતિ'ના સુંદર અંકો માટે અભિનંદન

'કચ્છશ્રુતિ'ના અંકો નિયમિત રીતે મળે છે. દરેક અંક ખૂબ જ માહિતીપ્રદ તથા સુંદર સંકલન સાથે સ્વચ્છમય હોય છે. દરેક અંકો ખૂબ ગમે છે. દરેક અંકોના ટાઈટલ માટે ખૂબ ખૂબ અભિનંદન. આ દરેક કામગીરી માટે જહેમત ઉઠાવનાર સંપાદનકર્તા તથા સમગ્ર તંત્રી મંડળને અભિનંદન સાથે સર્વે શુભકામના.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## 'કચ્છશ્રુતિ'ની રચનાઓ રસપ્રદ અને ઉમદા

'કચ્છશ્રુતિ' સામયિક અમને ખૂબ ગમે છે. આ સામયિકમાંની રચનાઓ રસપ્રદ અને ઉમદા હોય છે. કવિતા, વાર્તા, અભ્યાસપૂર્ણ કૃતિઓથી 'કચ્છશ્રુતિ' એક આદર્શ સમૃધ્ધ સામયિક છે. શ્રી દિનેશભાઈ પાંચાલ લિખિત રચના 'જીભ ટૂંકી રાખો – લાંબુ જીવો' અતિ પ્રેરણાદાયી કૃતિ છે. લેખકશ્રીને ખૂબ ખૂબ અભિનંદન. મનોહર મુખપૃષ્ઠ અને સ્વચ્છ પ્રિન્ટિંગ કાર્ય માટે પણ ધન્યવાદ.

'શબ્દ હી વેદ હૈ, શબ્દ હી નાદ હૈ.'

*ઇશ્વરભાઈ બી. પરમાર - અમદાવાદ*

# પુસ્તક પરિચય

*— હંસરાજ કંસારા*

## મન જંજીર, મન ઝાંઝર

ગુજરાતી ભાષા સાહિત્ય રસજ્ઞો માટે, વર્ષ ૨૦૧૮ના પ્રારંભે, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદનું એક મનભર નાનકડું નજરાણું –

### મન જંજીર, મન ઝાંઝર

જંજીર જકડે, ઝાંઝર ઝણકે. મનદુરસ્તી માટે આવશ્યક છે, મનને જકડતી જંજીરથી મુક્તિ અને 'સમજણ'ની ઝાંઝરનો ઝણકાર અને એ સમજણ માટે જરૂરી છે મનન.

માનવ શબ્દનો આધાર 'મન' છે. આ મનથી બધું સમજાય. પણ શું 'મન'ને સમજી શકાય?

ગુજરાતના વિખ્યાત શિક્ષણવિદ્ વિચારક અને સાહિત્ય સર્જક **ડૉ. ભદ્રાયુ વછરાજાની**, માનવ મનના આ શાશ્વત પ્રશ્નનો હકારાત્મક ઉત્તર આપે છે. તેઓશ્રી કહે છે કે, એમણે 'મન'ની મથામણ 'મનશોધન'ને પંથે વાળી, 'સ્વ'થી સર્વ સુધી પહોંચી અનુભવ્યું કે એમનું મન ઝાંઝરની જેમ રણકી ઉઠ્યું.

'ફૂલછાબ' દૈનિક અખબારમાં લેખમાળા રૂપે પ્રકાશિત એમના મનનું મનન વ્યક્ત કરતા વિચારો આ પુસ્તકમાં સંકલિત થયા છે. લેખકશ્રી કહે છે કે એમની આ વિચાર યાત્રાનો આધાર **પૂજ્ય સ્વામીશ્રી તેજોમયાનંદ**ના પાવન સર્જન 'મન શોધનમ' અને **પૂજ્ય સ્વામિની વિમલાનંદજી** રચિત આ સ્તોત્રનાં ભાષ્ય રહ્યાં છે.

આ પુસ્તકમાં કુલ ૨૮ લેખો છે, જે 'મન'ને સમજવા અને કેળવવાની પ્રક્રિયા પર સરળ શબ્દો અને રસપ્રદ શૈલીમાં પ્રકાશ પાથરે છે. છેલ્લા લેખ 'લોકા સમસ્ત સુમિતો ભવન્તુ'માં મનની સમસ્ત પ્રક્રિયાનો સારાંશ આપ્યો છે. તદુપરાંત ચોથા આવરણ પૃષ્ઠ પર સારાંશનો પણ સારરૂપી 'સંદેશ' આપ્યો છે, જે અત્રે પ્રસ્તુત છે.

આ પુસ્તકની એક અન્ય વિશેષતા એ છે કે, પ્રત્યેક લેખને સહજ રીતે સમજવા અને મન ભરીને માણવામાં મદદરૂપ થાય એ માટે, એની સાથેનાં પૃષ્ઠ પર લેખને અનુરૂપ એક એક હૃદય સ્પર્શતું ગીત / પદ મૂકેલું છે. જેમાં ગંગી સતીના **'મેરૂ તો ડગે પણ જેનાં મન નવ ડગે'** જેવા લોક હૈયે વસેલા પદથી લઈને સાહીર લુધિયાનવીનું મશહૂર ફિલ્મી ગીત **'તોરા મન દર્પણ કહલાએ'** જેવા ગીતો blend કરેલા છે. આ પુસ્તકનું નામ પણ અનોખું છતાં વિષયને એકદમ અનુરૂપ છે. આ નામ સૂચવનાર એમના ચિંતન મિત્ર પ્રા. મહેન્દ્ર ચોટલીયાનો લેખકશ્રીએ વિશેષ આભાર માન્યો છે.

આ પુસ્તક વિશે લેખકશ્રીના આત્મિય મિત્ર શ્રી સુભાષ ભટ્ટ લખે છે કે "...રજવાડી ઠાઠથી ભર્યા 'મનના માલિક'નું આ પુસ્તક, વાચકને 'હળવાશ', 'મોકળાશ' અને 'અવકાશ' બક્ષસે તો તેઓનો વ્યાયામ સાર્થક થશે.

### વેદાંતના પાયાના બે પ્રશ્નો :

(૧) હું કોણ છું? (૨) મારા જીવનનું લક્ષ્ય શું?

વેદાંતના પાયાના આ બે પ્રશ્નો હકીકતમાં વેદાંતે આપણને નથી પૂછવાના, આપણે આપણા મનને પૂછ્યા કરવાના છે! આપણે જીવનમાં કશુંક પામવા આવ્યા છીએ, ખાલી આંટો મારવા નહીં.

*મકસદ વગર માણસ નહીં,*
*સમજ વગર સજીવ નહીં,*
*ઉદ્દેશ વગર ઉત્પત્તિ નહીં!*

આપણને આવરણવાળો નહીં, પણ આચરણવાળો માણસ ગમે છે અને મારે તેવા બનવું છે. મારે મનનું ઇનબૉક્સ ખાલી રાખવું પડશે તો જ તેમાં સાત્ત્વિક ને નૈતિક વિચારો ડાઉનલોડ થતા રહેશે.

Life is a package deal. Accept and enjoy it.
તેમાં જે ગમતું આવે તેને સાચવીને જીવવાનું.
તેમાં જે અણગમતું આવે તેને તારવીને જીવવાનું.
પણ જીવવાનું ભરચક્ક ને ભરપૂર....
When you rule your mind,
you rule your world.

**મન જંજીર, મન ઝાંઝર**

| | |
|---|---|
| *લેખક* | : ડૉ. ભદ્રાયુ વછરાજાની |
| *આવૃત્તિ* | : પ્રથમ |
| *કિંમત* | : રૂા. ૧૩૦/- |
| *પ્રાપ્તિ સ્થાન* | : ગૂર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. E-mail : gurjar@yahoo.com Web : www.gurjarbooksonline.com |

## તું જ છો વિધાતા

તું જ છો વિધાતા
તું જ છો જ્ઞાતા
તારો જ સંબંધ સાચો
બાકી જૂઠા નાતા.

ઉગતા સૂરજમાં તું છો
મંદિરની મૂરતમાં તું છો
આ જગતનાં મનુની
દરેક સુરતમાં તું છો.
તારા જ થકી, આ પવન વીતી
તું જ છો વિધાતા..

શ્વાસોચ્છવાસમાં તું છો
આ આસપાસમાં તું છો
આ દરિયો, આ ધરતી
અને આકાશમાં તું છો
તું જ પિતા,ને તું જ છો માતા
તું જ છો વિધાતા...

રામમાં તું રામ છો
શ્યામમાં તું શ્યામ છો
હરેક તીર્થમાં તું જ છો
તું જ ચારો ધામ છો
હિમાલયના શિખરો, તારા ગુણ ગાતા
તું જ છો વિધાતા...

***રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ***

## સ્વચ્છંદી સંતાનો

*વૃધ્ધ વડીલોને સંતાનો આજે આપવા લાગ્યા છે તુંકારો*
*નિર્લજ્જ બની બૂમો પાડીને કેવો આગળ ધરે છે હુંકારો.*

*આ વૃધ્ધોએ તેઓને ઉછેરવા કેટલા ઉજાગરા કર્યા છે*
*અમારા આ બાળકને બચાવો કહી ડૉક્ટરો - વૈદ્યો સમક્ષ રડ્યા છે.*

*દિવસો સુધી સંતાનોની સેવામાં અન્નજળ વિના રહ્યા છે*
*આજે આ સંતાનો જાણે બધું જ ભૂલી ગયા છે*

*વૃધ્ધ વડીલોને વૃધ્ધાશ્રમે મૂકતાં તેમને લેસ પણ વ્યથા પહોંચે નહીં*
*આવા સ્વચ્છંદી સંતાનોને અવશ્ય ભોગવવું પડશે અહીંનું અહીં.*

***પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ, કચ્છ.***
***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

## વિચારી લઈએ

જીતાય જિંદગીનો દાવ, તેવું વિચારી લઈએ;
સ્નેહનો સાથ લીધો, પ્રેમથી સ્વીકારી લઈએ.

જીવનભર પ્યાસા, અમે સદા પ્યાસા રહીએ;
છે ક્ષતિ ક્યાંક, જે હવે અમે સુધારી લઈએ.

કો'ક તો કહો હવે એમાં ઉમેરો કે ઓછું કરો હવે;
અંગમનના અંગારા બધે રાખમાં જોઈ લઈએ.

થોડા મહોરાઓ લીધા, તે હવે પહેરી લઈએ;
મહેફિલ 'દિલકશ' પૂર્ણ થયેથી ઉતારી લઈએ.

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***
***મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮***

## ઝાડ

*ઝાડ ચેતો –*
*હિ કુરો કરોતા?*
*મુંજી ડાળખી કઢીને*
*કુવાડીજો હથ્થો ભનાયોતા.*
*એનસે મુંકે જ કપોતા.*
*કપાઈને ટુકરા થીઆંતો*
*તોય રાજી થીઆંતો.*
*ગરીભ જે ઘરે ચોલ્લે તાં*
*લાપસી જે રંધાણ મેં આઉં કમ અચાંતો.*
*માડુ મરેતો*
*એનકે સ્મશાનમેં*
*બારેલા મુંજો સદ્ઉપયોગ કરેંતા.*

***વિપુલભાઈ જોશી "કચ્છી બેફામ" - ભુજ, કચ્છ***
***મો. ૯૯૦૯૭ ૨૬૧૦૬***

## થડકાટ

પુત્રના જન્મદિને સરપ્રાઇઝ ગીફ્ટ આપવા મોંઘા ભાવનું સ્માર્ટફોન ખરીદી એ બાજુના કાઉન્ટર પર મમ્મી માટે વેરીકોઝ વેઇન્સના સ્ટોકિંગ્સ લેવા ઊભો અને સેલ્સમેને ચાલુ વપરાશની ચીજ બતાવતા કહ્યું, 'ત્રણસો રૂપિયા.'

એ લેવા માટે એણે ડાબો હાથ લંબાવ્યો ત્યાં જ જમણા હાથમાં રહેલું સ્માર્ટફોન બોક્સ થડકી ઊઠ્યું અને એનાથી બોલી જવાયું, 'સુપીરિયર ક્વોલિટી બતાવો.'

***શંકર ન. ઠક્કર - ભુજ, કચ્છ***
***મો. ૯૨૬૫૯૮૨૭૦૦૮***

# પરિવાર સમાચાર

## સગાઇ

- **શુક્રવાર, તા. ૧૬-૨-૨૦૧૮**
  નિર્મલ મહેન્દ્ર હરજીવન મોરબિયા
  ચાંદની વસંતભાઈ કેશવલાલ દોશી

***નવદંપતિને શુભેચ્છા સહ આશીર્વાદ.***

## શુભ લગ્ન

- **રવિવાર, તા. ૪-૨-૨૦૧૮**
  નિશાંત રાજેન્દ્રભાઈ નાનુભાઈ મજીઠિયા (ઉર્મિન ગ્રુપ)
  નતાશા સૌમિલ બાબુભાઈ પટેલ
- **શનિવાર, તા. ૩-૩-૨૦૧૮**
  રાહુલ અજય કાંતિલાલ શાહ (આયોલાઇટ સોફ્ટવેર પ્રા.લિ.)
  ઉર્વિજા ભાવેશભાઈ ધીરેશભાઈ

***કુમકુમ પગલા પાડનાર સર્વે નવદંપતિઓને આશીર્વાદ.***

## નવી ઓફિસનું ઉદ્‌ઘાટન

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હિતેચ્છુ અને જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી વી.આર. ગોપાણીની એક નવી ઓફિસની ઓપનિંગ સેરેમની શનિવાર, તા. ૧૭-૨-૨૦૧૮ના રોજ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત આમંત્રિતોની હાજરીમાં ગોઠવવામાં આવેલ હતી.

આ પ્રસંગે C.A. વી. આર. ગોપાણીને ખૂબ ખૂબ શુભેચ્છા સાથેના અભિનંદન.

તેમની નવી ઓફિસનું સરનામું નીચે મુજબ છે :

**C.A. વી. આર. ગોપાણી એન્ડ કું.**
**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ**
૧૫૨-૧૫૩, આકૃતિ આર્કેડ,
સ્વામિનારાયણના ગેટની સામે,
ગણેશ ડાઇનિંગ હોલની બાજુમાં,
નેશનલ હાઈવે ૮-એ, બાવળા-૩૮૨ ૨૨૦.

## સંથારાનું તપ



**માતુશ્રી કુંવરબાઈ (ભચીબાઈ)**
**રતનશી ખેરાજ વીરા**


જૈનોમાં ધાર્મિક પ્રકૃતિના લોકો અનેકવિધ ઉગ્ર તપશ્ચર્યા કરે છે. આ ઉગ્ર તપશ્ચર્યામાં સૌથી અંતિમ ઉગ્ર તપશ્ચર્યા એટલે સંથારો લેવો. સંથારો એટલે અવસાન સુધી કોઈ પણ પ્રકારના અન્નનો ત્યાગ. કોઈપણ પ્રકારનો આહાર મૃત્યુ સુધી ના લઈ શકાય. સંથારો લેનાર વ્યક્તિનું અવસાન થાય તેને સંથારો સીઝ્યો એવું કહેવામાં આવે છે.

ગામ દેવપુર, તાલુકા માંડવી, હાલ અમદાવાદના માતુશ્રી કુંવરબાઈ (ભચીબાઈ) રતનશી ખેરાજ વીરા (ઉં.વ. ૯૮)એ ગત તા. ૨-૨-૨૦૧૮ના રોજથી સંથારાની ઉગ્ર તપશ્ચર્યા આદરેલ હતી. સંથારાના ૮મા ઉપવાસે એટલે કે તા. ૯-૨-૨૦૧૮ના રોજ તેમનો સંથારો સીઝેલ હતો. તેઓએ છેવટ લગી ખૂબ જ શાંતિપૂર્વક આ ઉગ્ર તપશ્ચર્યા પૂર્ણ કરેલ હતી. ત્યારબાદના દિવસોમાં તેમના સુપુત્રો તથા સુપુત્રીઓએ ગુણાનુવાદ સભાનું આયોજન ગોઠવેલ હતું.

માતુશ્રી કુંવરબાઈએ તેમના જીવનકાળ દરમ્યાન ૧૫ વર્ષીતપ તથા ૨૯ આયંબીલની ઓળીની તપશ્ચર્યા પણ સુખપૂર્વક પાર પાડેલ હતી.

***ઉગ્ર તપશ્ચર્યાના આરાધકને શ્રી કચ્છી સમાજ - અમદાવાદની અનુમોદના.***

## શ્રદ્ધાંજલિ



મૂળ કચ્છ નલિયાના અને હાલે અમદાવાદ સ્થિત **અનુપચંદ કેશવજી નાગડા** (ઉં.વ. ૮૧)નું અમદાવાદ ખાતે તા. ૫-૩-૨૦૧૮ના રોજ દુઃખદ નિધન થયેલ છે.

સદ્‌ગતશ્રીએ અમદાવાદમાં વિવિધ સામાજિક સંસ્થાઓમાં લાંબા સમય સુધી પોતાની સેવાકીય પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. તેઓશ્રી અમદાવાદ મધ્યે શ્રી કચ્છી સમાજના સભ્ય હતા અને લગભગ દસ વર્ષ સુધી આ સમાજના મેનેજર પદે રહીને વિવિધ પ્રકારની કામગીરી સ્વતંત્ર રીતે બજાવી હતી. સદ્‌ગતશ્રીએ પ્રેમ લાગણીભર્યા સ્વભાવના કારણે સમાજમાં ઉમદા છાપ ઉપસાવેલ હતી.

***પ્રભુ આપના પવિત્ર આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના.***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : અગત્યના સમાચાર

**વિધાનસભાની ચૂંટણી બાદ નવનિર્વાચિત ધારાસભ્યોનું બહુમાન અને મિલન સમારંભનું આયોજન દરેક વખતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત કરવામાં આવે છે. ચાલુ વર્ષ દરમ્યાન ચૂંટાયેલા ધારાસભ્યો સાથે એક ચિંતન શિબિરનું આયોજન શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા બુધવાર, તા. ૨૧-૩-૨૦૧૮ના રોજ ગોઠવવામાં આવેલ છે.**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટીશ્રીઓ, દરેક ઘટક સમાજના પ્રમુખ - મંત્રીશ્રીઓ તેમજ અન્ય મહેમાનોને આ અંગે આમંત્રણ મોકલવામાં આવી રહેલ છે. સાથે સાથે તેઓશ્રીનો ફોન દ્વારા પણ સંપર્ક સાધવામાં આવી રહેલ છે.**

**દરેક આમંત્રિતને આમંત્રણ પત્રિકામાં જણાવેલ સમયે અને સ્થળે ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.**

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## વિદ્યાર્થી દત્તક યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની એક સંયુક્ત મીટિંગ શનિવાર, તા. ૧૭-૨-૨૦૧૮ના રોજ મળેલ હતી. વિદ્યાર્થી દત્તક યોજના અન્વયે લેવાયેલ નિર્ણય અનુસાર ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીને દત્તક લઈ શકાતા હોય તો આ યોજનામાં આગળ વધવા માટે સર્વાનુમતે નિર્ણય લેવાયેલ હતો.

આ યોજના અનુસાર ધોરણ-૧૦ના વિદ્યાર્થીને તે ધોરણ-૧૨ સુધી ઉત્તીર્ણ થાય ત્યાં સુધીના ૩ વર્ષ દરમ્યાન તેને દત્તક લેવામાં આવશે. આ યોજના અનુસાર જે-તે વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૨૧,૦૦૦/-નું અનુદાન આપવામાં આવશે. ધોરણ-૧૧ કે ધોરણ-૧૨ના વિદ્યાર્થીને પણ આ યોજનામાં સામેલ કરી શકાશે. જે તે વિદ્યાર્થીને દત્તક લેનાર દાતાએ એ વિદ્યાર્થી ધોરણ-૧૨ ઉત્તીર્ણ કરે ત્યાં સુધી તેઓએ દર વર્ષે દત્તક યોજના અનુસાર રૂા. ૨૧,૦૦૦/- જે તે વિદ્યાર્થી માટે આપવાના રહેશે. દરેક વર્ષના હિસાબે રૂા. ૬૩,૦૦૦/-નું અનુદાન આપવાનું રહેશે.

આ યોજનાના અમલીકરણ માટે એક સમિતિ બનાવવામાં આવશે કે જે વિદ્યાર્થીઓની આવેલ અરજીઓના અનુસંધાને પૂર્ણ તપાસ કરી યોગ્ય વિદ્યાર્થીની પસંદગી કરશે.

આજે દિવસો દિવસ શિક્ષણ મોંઘું થતાં આર્થિક રીતે સધ્ધર ના હોય તેવા વિદ્યાર્થીના પરિવારને અને ઉચ્ચ ક્ષમતા ધરાવતા વિદ્યાર્થીને તેના અભ્યાસક્રમમાં સહાયભુત થવા સમાજ તરફથી આ યોજના દાખલ કરવામાં આવેલ છે. આ યોજના માત્ર અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા કચ્છી પરિવારોના વિદ્યાર્થીઓ માટે શરૂ કરવામાં આવેલ છે.

***અમદાવાદ-ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા સક્ષમ કચ્છી પરિવારોને ઓછામાં ઓછા એક વિદ્યાર્થીને દત્તક લઈ આ યોજનામાં સહભાગી બનવા અપીલ કરવામાં આવે છે.***

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## સામાજિક સુરક્ષા યોજના

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સામાજિક સુરક્ષા યોજના અનુસાર આ યોજનામાં જોડાનાર વ્યક્તિનું કોઇ પણ પ્રકારે અવસાન થાય તો તેના પરિવારને રૂા. ૫.૦૦ લાખની રકમ આપવામાં આવશે.

શનિવાર, તા. ૧૭-૨-૨૦૧૮ના રોજ મળેલ સમાજની ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની મીટિંગમાં આ યોજનાના નીતિ-નિયમો બનાવી, આગળ વધવા તે અંગેની સમિતિને સંપૂર્ણ સત્તા આપવામાં આવેલ હતી. અને સાથે સાથે સમિતિને એ પણ જણાવવામાં આવેલ હતું કે વધુમાં વધુ બે મહિનામાં આ યોજનામાં જોડાવા માટે સભ્યોની નોંધણી કરવાનું કાર્ય શરૂ કરી દેવામાં આવે.

આ યોજનાના નીતિ-નિયમો લઇને આ સમિતિના સભ્યો જ્યારે આપશ્રીના પરિવાર સમક્ષ સભ્ય નોંધણીની ઝુંબેશ લઇને પધારે ત્યારે તેઓને સંપૂર્ણ સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસતા કચ્છી પરિવારોની યોગ્ય ઉંમરની દરેક વ્યક્તિ માટે આ યોજના ખૂબ જ હિતકારી હોવાથી આ યોજનામાં જોડાઈ જવા દરેક પરિવારની વ્યક્તિને અપીલ કરવામાં આવે છે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ફેબ્રુઆરી / માર્ચ - ૨૦૧૮

**★ બુધવાર, તા. ૭-૨-૨૦૧૮**

- જેઓએ 'કચ્છશ્રુતિ'ના ૧૫ વર્ષના લવાજમ ભરેલ છે પરંતુ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય નથી અથવા સંસ્થા જે ટેલિફોન નામ-સરનામા ડિરેક્ટરી તૈયાર કરે છે, તેમાં નામ નથી, તેવા સભ્યોને જરૂરી કાર્યવાહી કરવા પત્રો લખવાના શરૂ કર્યા.

**★ રવિવાર, તા. ૧૧-૨-૨૦૧૮**

- સોનગઢ આશ્રમના વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ કરવા અમદાવાદ આવે ત્યારે આ વિદ્યાર્થીઓ માટે અમદાવાદમાં હોસ્ટેલની સગવડતા ઊભી કરવા મુંબઈથી શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના આવેલ ફોનના અનુસંધાને નવા શારદા મંદિર રોડ પર તથા પરિમલ ગાર્ડન પાસે બે અલગ અલગ મકાન જોયા અને તેની સવિસ્તર માહિતી મુંબઈ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીને મોકલી આપી.

**★ સોમવાર, તા. ૧૨-૨-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની બાકી રહેતી ઉઘરાણી માટે અંદાજિત ૬૦ જેટલા સભ્યોને રીમાઈન્ડર પત્રો લખી, મોકલી આપવાનું કાર્ય પૂરું કર્યું.
- શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશ મહેતા ક્રેડિટ કો.ઓ. સોસાયટીના રજિસ્ટ્રાર પાસે જઈ લાંબા સમયથી રજિસ્ટર ન થતી શ્રી કચ્છી સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી અંગે જરૂરી ચર્ચા કરી આવ્યા. તેમની માહિતી મુજબ હવે પછી ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે દરેક કાર્યવાહી ફરીથી કરવાની રહેશે.
- શ્રી મહેન્દ્ર ગઢવીના ભુજ ખાતે યોજવામાં આવનાર બે દિવસના 'કાગવાણી'ના કાર્યક્રમ દરમિયાન "કચ્છનો સર્વાંગી ઈતિહાસ"ના ૨૯ જેટલા લેખકોના બહુમાન કરવાના હોવાથી આ લેખકોના નામ-સરનામા - ફોન નંબર શ્રી મહેન્દ્રભાઈ ગઢવી તથા શ્રી શશીકાંતભાઈ ઠક્કરને મોકલી આપ્યા.

**★ ગુરુવાર, તા. ૧૫-૨-૨૦૧૮**

- જેઓએ 'કચ્છશ્રુતિ'ના ૧૫ વર્ષના લવાજમ ભરેલ છે તે સભ્યોને તેમની બાકી રહેતી સમાજ માટેની કાર્યવાહી પૂરી કરવા માટેના પત્રો મોકલવાનું કાર્ય પૂરું કર્યું.

**★ શનિવાર, તા. ૧૭-૨-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટ બોર્ડ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગ આજરોજ સાંજના ૫.૦૦ વાગે સમાજની ઑફિસ પર મળેલ હતી. અંદાજિત ૧૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ સભામાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા. જરૂરી સંખ્યાના ડોનર્સ નક્કી થઈ શકતા હોય તો વિદ્યાર્થી દત્તક યોજના માટે આગળ વધવું. આ યોજના અનુસાર ધોરણ-૧૦, ૧૧ અને ૧૨ના જરૂરિયાતવાળા વિદ્યાર્થીને દર વર્ષે રૂા. ૨૧,૦૦૦/-ની સહાય કરવી. સામાજિક સુરક્ષા સમિતિની કાર્યવાહી પર ચર્ચા કરી તે અંગે ઝડપથી આગળ વધવા જરૂરી નીતિ નિયમો નક્કી કરવાની જવાબદારી પણ આ સમિતિને સુપરત કરવામાં આવેલ હતી અને વધુમાં વધુ બે મહિનાની અંદર સભ્ય નોંધણીની કાર્યવાહી શરૂ કરવા આ સમિતિને જણાવવામાં આવેલ હતું. કચ્છી સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટી તથા ગોડ ફાઉન્ડેશનની અત્યાર સુધીની કાર્યવાહી પર ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. સરનામા - ટેલિફોનની ઈ-ડિરેક્ટરીની કાર્યવાહી પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. કચ્છશ્રુતિમાં આવતી જાહેરાતો અંગે આ સભા સમક્ષ જરૂરી રિપોર્ટ આપવામાં આવેલ હતો. કચ્છશ્રુતિ લવાજમ તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્યપદની કાર્યવાહી અંગે આ સભામાં જરૂરી રિપોર્ટ આપવામાં આવેલ હતો. વોકેશનલ માહિતી સેન્ટર તથા કૌશલ્યવર્ધન કેન્દ્રની કાર્યવાહી પર જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. કચ્છમાંથી ચૂંટાયેલા ધારાસભ્યો સાથે એક મિલન સમારંભ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું. સમાજની બાકી રહેતી ઉઘરાણી અને સમાજની આર્થિક પરિસ્થિતિ અંગે જરૂરી રજૂઆત આ સભા સમક્ષ કરવામાં આવેલ હતી અને કેટલાક નિર્ણયો પણ લેવામાં આવેલ હતા.

**★ રવિવાર, તા. ૧૮-૨-૨૦૧૮**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ જે ડિરેક્ટરી તૈયાર કરે છે તેમાં અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતા કચ્છી પરિવારોમાંથી લગભગ ૩૧૦૦ જેટલા સભ્યોની માહિતી આવેલ છે. આ ૩૧૦૦ સભ્યોમાંથી લગભગ

૨૫૦૦ સભ્ય એવા છે કે જેઓ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સભ્ય નથી અને તેઓ પોતાને ત્યાં સમાજનું માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' મંગાવતા પણ નથી. આ લગભગ ૨૫૦૦ પરિવારોને સભ્યપદના તથા કચ્છશ્રુતિના લવાજમના ફોર્મ સાથે પત્રો લખીને મોકલવાનું આજથી શરૂ કરવામાં આવેલ છે. આ પ્રકારના દરરોજ લગભગ ૫૦થી ૬૦ પત્રો લખી શકાશે.

**★ મંગળવાર, તા. ૨૦-૨-૨૦૧૮**

- તા. ૧૭-૨-૨૦૧૮ના મળેલ સમાજના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગની મિનિટ્સ આજરોજ દરેક સભ્યને વૉટ્સ એપથી મોકલી આપી.

**★ બુધવાર, તા. ૨૮-૨-૨૦૧૮**

- કચ્છને નર્મદા નદીના વધારાના જે ૧.૦૦ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલ છે તેની કાર્યવાહી શરૂ કરવા ગુજરાત સરકારના વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦ કરોડની ફાળવણી થવી જોઈએ તે અંગેના પત્રો અગાઉ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલમાંથી મુખ્યમંત્રીશ્રી, સિંચાઇના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી તથા સિંચાઈ સચિવને પત્રો લખવામાં આવ્યા હતા અને તેની એક-એક કોપી કચ્છના શ્રી વાસણભાઈ આહીરને મોકલી આપવામાં આવેલ હતી. જેના જવાબ સ્વરૂપે શ્રી વાસણભાઈ આહીરનો ગઈકાલે અને રાજ્ય કક્ષાના સિંચાઈ મંત્રીશ્રીનો આજે જવાબ આવી ગયેલ છે કે તેઓએ આ પત્રો જરૂરી કાર્યવાહી કરવા આગળ મોકલી આપેલ છે.
- શ્રી હંસરાજભાઈ કંસારા સાથે કચ્છનો સર્વાંગી ઇતિહાસની ગુજરાતી બીજી આવૃત્તિ તથા અંગ્રેજી અનુવાદ અંગેની બાકી રહેતી કાર્યવાહી માટે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

**★ ગુરુવાર, તા. ૧-૩-૨૦૧૮**

- કચ્છના નવા ચૂંટાયેલા ધારાસભ્યો સાથે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ એક મિલન સમારંભ રાખવા માંગે છે તે પ્રકારના રાજ્યકક્ષાના મંત્રીશ્રી વાસણભાઈ આહીરને ફોન કરવામાં આવેલ હતો. તેના અનુસંધાને સોમવાર, તા. ૫-૩-૨૦૧૮ના ગાંધીનગર ખાતે તેઓશ્રીને રૂબરૂ મળવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- શ્રી સુરેશચંદ્ર મહેતા સાથે ગુજરાત સરકારશ્રીના વર્ષ ૨૦૧૮-૧૯માં કચ્છને ફાળવાયેલા નર્મદા નદીના વધારાના પાણી માટે માત્ર રૂા. ૧૫.૫૦ કરોડની જ ફાળવણી કરવામાં આવેલ છે, તેના અનુસંધાને ફોન પર જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના એસ.બી.આઈ. એકાઉન્ટમાં બેંક તરફથી જે પ્રોબ્લેમ ઊભા કરવામાં આવી રહેલ છે તેના અનુસંધાને શ્રી અતુલભાઈ સોની તથા મનુભાઈ કોટડિયા સાથે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

**★ શનિવાર, તા. ૩-૩-૨૦૧૮**

- સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સેવિંગ એકાઉન્ટ બાબત શ્રી અતુલભાઈ સોની તથા શ્રી મનુભાઈ કોટડિયા સાથે વિગતે ચર્ચા કરવામાં આવી.

**★ સોમવાર, તા. ૫-૩-૨૦૧૮**

- આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી હિમાંશુ ઠક્કર ગાંધીનગર શ્રી વાસણભાઈ આહીરને મળવા ગયેલ હતા. નવનિર્વાચિત કચ્છના બધા જ ૬ ધારાસભ્યો સાથે એક મિલન સમારંભ આવતી તા. ૨૧-૩-૨૦૧૮ના રોજ શાહીબાગ ખાતે ગોઠવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

## 'કચ્છશ્રુતિ'ના પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

| | | |
|---|---|---|
| ● શ્રી હરખચંદભાઈ નાનજીભાઈ પોલડિયા | અમદાવાદ | ૧૫ વર્ષ |
| ● શ્રી ચંદ્રવદન વીરેન્દ્રરાય વોરા | અમદાવાદ | ૨ વર્ષ |
| ● શ્રીમતી ગીતાબેન જે. પલણ | અમદાવાદ | ૫ વર્ષ |
| ● ડૉ. મણિલાલભાઈ ગડા | મુંબઈ | ૫ વર્ષ |
| ● શ્રી પાલુભાઈ કરશનભાઈ ગઢવી | અમદાવાદ | ૧૫ વર્ષ |
| ● શ્રી વિવેકાનંદ બાળ પુસ્તકાલય | ભુજ | ૨ વર્ષ |
| ● શ્રી મણિલાલ વિશ્રામભાઈ પટેલ | અમદાવાદ | ૧૫ વર્ષ |
| ● શ્રી ખીમજીભાઈ લીલાધરભાઈ ભાનુશાલી | અમદાવાદ | ૧૫ વર્ષ |
| ● શ્રી સુમિત્રા સચિન્દ ઉપાધ્યાય | ભુજ | ૧૫ વર્ષ |

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના નવા નોંધાયેલા સભ્યોની યાદી

| | | |
|---|---|---|
| ● શ્રી પબુભાઈ કરશનભાઈ ગઢવી | - અમદાવાદ | આજીવન સભ્ય |
| ● શ્રી મણિલાલ વિશ્રામભાઈ પટેલ | - અમદાવાદ | આજીવન સભ્ય |
| ● શ્રી ખીમજીભાઈ લીલાધર ભાનુશાલી | - અમદાવાદ | આજીવન સભ્ય |
| ● શ્રી બચુભાઈ હીરજીભાઈ રાંભિયા | - અમદાવાદ | આજીવન સભ્ય |
| ● શ્રી અશોકભાઈ પદમાકાંત વૈદ્ય | - ગાંધીનગર | આજીવન સભ્ય |
| ● શ્રી સંજીવ અમરીષ મહેતા | - ગાંધીનગર | આજીવન સભ્ય |

*સફળતાની ઊંચાઈ પર હો તો સાવચેત રહેજો,*
*પક્ષી પણ જાણે છે કે આસમાનમાં બેસવાની જગ્યા નથી હોતી.*

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS



**BRASS** CAGES

CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES

**STEEL** CAGES

DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES

**POLYAMIDE** CAGES

DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES

**STAMPED** COMPONENTS

AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone: +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 26, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineerscn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA
ENGINEERS

www.harshaengineers.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ





**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયોલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કાર્ડિયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીટોલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, ઓબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડિસીન
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિએશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH EN | cGreenOT

24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

સુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

**પ્રેરણા સ્ત્રોત**

- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E) Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

જીવદયા કરુણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) પૂ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ... મેન્શન, ... ની બાજુમાં, ... સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ... , ૬૬૩૯૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૪૦

## જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૮૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - વિપિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

કર્ણાવતી દાબેલી સેન્ટર

Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
Bopal
• Food I Regent Spice Products

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company

DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Conforming to
IS-2026, IS-1180, 2014

OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Tnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

COMFORT INSTA-POWER LTD.

| Corp. & Regd. Office Vadodara, Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9825203489 | Works 2 (Waghodia - Vadodara) |
| --- | --- | --- |

## ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ

મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમળા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપલ

Bharat B. Gala Nanvinchandra D. Dedhia

SRE

Raju ENTERPRISE

RE- ROLLING /
S.S PATTA-PATTI

179 & 323, Unit-2, G.V.M.M.
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

DHOLUcon
Mohan Dholu | 98250 84330
Director | mpdholu@gmail.com


**DHOLU CONSTRUCTION AND PROJECTS LIMITED**
401, Gala Argos, B/s. Harikrupa Tower, Nr. Govt. Ladies Hostel, Gujarat College Road, Ellisbridge, Ahmedabad-380 006. Gujarat, INDIA.
Ph. : 264 64 288 Fax: +91 79 2656 44 36 email: dholucon@gmail.com

**MINING CONTRACTORS**

**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad : Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

**Available on HIRE**
- Gas Engine Driven Generators Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 128 kg/cm2 Air Compressors

**We Provide**
- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**

Registered Office :
**Deep Industries Limited**
Email info@deepindustries.com

**PRARAMBH**
"ek nayi Zindagi ka"
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
RII
**RUDANI INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 | Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 | Hirenkumar : M. 98799 97777

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO



Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)